# સહજ-સત્સંગ

અંક : ૨૫૭ વર્ષ : ૨૨ તંત્રી : માનસિંહભાઈ ચાવડા મે : ૨૦૧૦



રામાવતાર



## મા મિરાંબિકા

માહેશ્વરી મહાકાલી મહાલક્ષ્મી તથૈવ ચ ।
મહાસરસ્વતી ત્વમેવાસિ ઇતિ મે નિશ્ચિતા મતિઃ ॥

# પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

(૩૧-મે-૧૯૧૪)



**તારું પૂર્ણતાનું કાર્ય તું પૂરું કરી લે તે માટે તારા હાથમાં મારી જાત સમર્પી દઉં છું, અને પછી, તારા પ્રેમ સાથે હું મારી જાતને તદાકાર કરી લઉં છું.**

**પ્રત્યેક અણુના અંતરમાં હું જઈ વસું છું. ત્યાં જઈ એક અગ્નિ પેટાવું છું, એ અગ્નિ વિશુદ્ધિનો રચનાર છે, રૂપાંતરનો વિધાતા છે, સર્વ પ્રકારની પૂર્ણતાઓ તે સાક્ષાત્ કરાવી આપે છે...**

**હે અજ્ઞેય મહાજ્યોતિ, એક પરમ આહ્‌લાદપૂર્વક તારા નવીન આવિર્ભાવની પ્રતીક્ષામાં તે બેસે છે.**

* * *

## અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ | શીર્ષક | પૃષ્ઠ |
|---|---|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** (રૂપાંતરનો વિધાતા : અગ્નિ) | ૧ | **યોગમાર્ગનો સમન્વય** (ભૂમિકા - સમન્વય) | ૨૯ |
| **દૈનિક જીવનમાં યોગસાધના (૧)** (લોકવ્યવહાર, પરિવારજનો વગેરે) | ૪ | **અરવિન્દોપનિષદ** (પુરુષ આનંદમય જ છે) | ૩૨ |
| **માતૃવાણી** (અખૂટ શક્તિ મેળવો) | ૯ | **રાષ્ટ્રીય શિક્ષણ** (બૌદ્ધિક કેળવણી) | ૩૪ |
| **ગીતાનિબંધો** (મુક્તનું કર્મ) | ૧૩ | **સુંદર કથાઓ** (સત્પુરુષને અનુસરીએ) | ૩૮ |
| **માનવવિકાસ ચક્ર** (સભ્યતા અને બર્બરતા) | ૧૬ | **આગામી-ભાવિ** (પ્રભુના ધામનો માર્ગ) | ૩૯ |
| **સાવિત્રી** (કોષોની સાધના : એક જ પર્યાય) | ૧૮ | **ઉપનિષદોનું અમૃત** (આત્મ-દર્શનની સાધના) | ૪૦ |
| **યોગ વિષે પત્રો** (સક્રિય અને નિષ્ક્રિય સાક્ષાત્કાર) | ૨૩ | **વેદવિજ્ઞાન** (શ્રદ્ધા સૂક્ત) | ૪૧ |
| **ભારતીય સંસ્કૃતિના પાયા** (પંડિતોની કઠોર સાહિત્ય પરંપરા) | ૨૬ | **સર્વાંગી આરોગ્ય** (સ્વરૂપમાંની અસમતુલા) | ૪૪ |
| | | **પ્રેમ** | ૪૭ |
| | | **કવરપેજ ૧ ઉપરની સમજૂતી** | **કવરપેજ ૪ ઉપર** |



મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક

**સહજ-સત્સંગ**
અંક : ૨૫૭ વર્ષ : ૨૨
મે - ૨૦૧૦

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧
**મો. ૯૮૨૪૩૭૩૯૨૯**

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

**મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટને આપેલ અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ રાહતને પાત્ર છે.**
**કૃપયા મનીઑર્ડરથી અર્પણ મોકલશો નહિ, એકાઉન્ટ પેયી ડ્રાફ્ટ/પોસ્ટલ ઑર્ડરથી**
**'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ - રાજકોટ' - ના નામે મોકલશો.**
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.



(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ ટ્રસ્ટ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)



ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ **લા ક્રિએટા** - રાજકોટ - ૦૨૮૧ - ૨૪૬૫૦૭૮

# રૂપાંતરનો વિધાતા : અગ્નિ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

પ્રભુ દરેક પ્રાણીમાત્ર દ્વારા પોતાનો આવિર્ભાવ કરવા મથી રહ્યાં છે. તેઓ પોતાના સર્વાંગસંપૂર્ણ સ્વરૂપને દરેક દ્વારા પ્રગટ કરવા ઇચ્છે છે. પ્રાચીન ઋષિઓની પણ આ જ અનુભૂતિ છે. ''પૂર્ણમદઃ પૂર્ણમિદં'' આ મંત્રમાં વસ્તુમાત્રમાં પૂર્ણતા જ પોતાને પ્રગટ કરી રહી છે એમ જણાવેલ છે.

આ પૂર્ણતાનો ખ્યાલ માનવબુદ્ધિને સમજવો મુશ્કેલ છે કારણ તેની બુદ્ધિ તો ભૂતકાળના અનુભવોના આધારે જ થોડીક આગળ જઈ તર્કશક્તિથી ઝંપલાવે છે; અને હજી તેને ભૂતકાળમાં સર્વાંગપૂર્ણ પૂર્ણતાનો અનુભવ આવેલો નથી. તેથી માતાજી સમર્પિતભાવે પોતાને પ્રભુના હાથમાં મૂકી દેવું જ યોગ્ય ગણે છે. માતાજીને પોતાને માટે પ્રભુએ જે પૂર્ણતાનો સંકલ્પ કર્યો હશે તે પ્રભુ જ સારી રીતે જાણે છે, એવી શ્રદ્ધા રાખે છે. આ સાધનાનો મહત્ત્વનો સિદ્ધાંત છે. બૌદ્ધિક આદર્શોને ન અનુસરતા પ્રભુને સમર્પિત-ભાવથી કાર્યની શરૂઆત કરશો તો સાધના સહજ રીતે વિકાસ પામશે, કારણ પ્રભુ જ તેનું સંચાલન પોતાના હાથમાં લઈ લે છે.

માતાજી અસીમ પ્રકાશમય હૂંફાળી ચેતના સાથે પોતાને એકાકાર કરીને સ્થિર રીતે સાધના કરી રહ્યાં છે. માતાજી તેને 'અજ્ઞેય મહાજ્યોતિ' તરીકે વર્ણવે છે.

માતાજીને તે પ્રકાશમય ચેતનાનો પ્રવેશ પોતાના શરીરના કોષેકોષમાં પ્રવેશતો અને સ્થિર થતો અનુભવાય છે. માતાજી પોતાના શારીરિક કોષને 'અણુ' તરીકે વર્ણવે છે. આ માટે માતાજી અભીપ્સાના અને કલ્પનાના જોરે આ પ્રક્રિયા કરે છે. (The Supreme - પુસ્તકમાં માતાજીની આ વિગતો સ્પષ્ટ રીતે આપેલી છે. અભીપ્સુઓએ જોઈ જવા વિનંતી છે.)

વેદોમાં શરીરનાં કોષેકોષમાં સ્થિર થતા પ્રકાશને 'અગ્નિ' કહ્યો છે. માતાજી પણ તે જ શબ્દ તે જ અર્થમાં વાપરી રહ્યાં છે.

'અ+ગ' મળીને અગ્નિ શબ્દ થયો છે. 'અ' નકારાત્મક શબ્દ છે અને 'ગ' ગતિવાચક સારાંશ સ્થિર બનેલો, ગતિવિહીન ચેતનાનો પ્રકાશ એ જ અગ્નિ છે. વેદોમાં જણાવેલ ગુણધર્મો જ માતાજી જાણે જણાવી રહ્યાં છે. તે પાવક છે (આ અગ્નિનું સંસ્કૃત નામ છે) વિશુદ્ધ કરનાર છે. તે દિવ્યતા આપનાર છે, દેવતા છે. દેવતા એટલે પ્રકાશમય. તે પ્રાણીમાત્રમાં રહેલ સંકલ્પને સંચાલિત કરનાર છે. સક્રિય કરનાર છે અને તેથી પૂર્ણતા

(પૃ.૮ ઉપર)

# દૈનિક જીવનમાં યોગ (૧)

- જ્યોતિબેન થાનકી

## લોકવ્યવહાર, પરિવારજનો વગેરે

શ્રી અરવિન્દનો યોગ એ જીવનમાં પ્રભુને ઉતારી લાવવાનો યોગ છે. પ્રભુના પ્રકાશમાં જીવનની એક એક ક્રિયાઓને અભિવ્યક્ત કરવાની પ્રક્રિયા છે. આથી તેમાં જીવનની કોઈ જ બાબતને છોડી દઈ શકાતી નથી. પરંતુ જીવનમાં જે કંઈ મળ્યું છે, તે સઘળાંનો સ્વીકાર કરીને તેને પ્રભુના પ્રકાશમાં રૂપાંતરિત કરવાનું છે. આથી જ આ યોગની સાધના મુશ્કેલ જણાય છે. રોજિંદા જીવનમાં તો અનેક પ્રકારની સમસ્યાઓ ઉદ્‌ભવતી હોય છે. આ સઘળી સમસ્યાઓનો યોગિક દૃષ્ટિએ ઉકેલ કેવી રીતે લાવવો ? જીવનમાં રહીને સાધના કેવી રીતે કરવી ? કુટુંબ-સમાજ પ્રત્યેની ફરજો બજાવતાં-બજાવતાં અને જીવનનાં સઘળાં કાર્યો કરતાં કરતાં યોગ કેવી રીતે થઈ શકે ? આ બધાં પ્રશ્નો આપણાં મનમાં ઉદ્‌ભવે તે સહજ છે. શ્રી અરવિન્દ અને શ્રી માતાજીએ પત્રો, વાર્તાલાપો દ્વારા સાધકોને જે માર્ગદર્શન આપ્યું છે, તેમાંથી આપણને આ સઘળા પ્રશ્નોનો ઉકેલ મળી આવે છે; તો તે વિષે આપણે જોઈએ.

**કર્મ સાથે સંકળાયેલું દૈનિક જીવન :**

શ્રી અરવિન્દના યોગમાં આંતરિક અને બાહ્ય ચેતનાનું આમૂલ પરિવર્તન કરવાનું હોઈને કર્મને છોડી દઈ શકતાં નથી. માત્ર એકાંતમાં બેસીને કરવાની આ સાધના નથી. આ વિષે શ્રી અરવિન્દે સાધકને પત્રમાં લખ્યું હતું, ''કર્મને સંપૂર્ણ છોડી દેવું અને સમગ્રરીતે પોતાની જાતમાં નિમગ્ન થઈ જવું એવી સલાહ ભાગ્યે જ યોગ્ય લાગે છે, કેમ કે સાધના જો સર્વાંગી બનાવવી હોય તો આંતરિક અનુભૂતિઓ અને બાહ્ય વિકાસ બંને વચ્ચે સમતુલા સ્થપાવી જોઈએ. કર્મ દ્વારા જ આ સમતુલા સ્થાપી શકાય છે, નહીંતર સાધકની આંતરપ્રગતિ ગમે તેટલી વધારે હોય તો પણ તેની બાહ્ય અભિવ્યક્તિ બિલકુલ થઈ શકતી નથી. કર્મો દ્વારા જ આંતરપ્રગતિ અને અનુભૂતિઓ, બાહ્ય પ્રકૃતિમાં અને જીવનમાં ઉતારી શકાય છે, પરંતુ આ કર્મો સાચી રીતે થવાં જોઈએ.'' ''બધું કામ છોડીને ફક્ત વાંચવું અને ધ્યાન કરવું તેવું શ્રી માતાજી માનતા નથી. કામ એ આ યોગ-સાધનાનો એક ભાગ છે.'' આ યોગમાં દરેક કાર્ય અર્પણ રૂપે કરવાનું છે. પછી કાર્યો દ્વારા પ્રભુને અભિવ્યક્ત કરવાનાં છે.

**લોકો સાથેના વ્યવહારથી સંકળાયેલું દૈનિક જીવન :**

દૈનિક જીવનમાં તો લોકો સાથેનો વ્યવહાર કરવાનો હોય છે, તેમની સાથે સંબંધો જાળવવાના હોય છે, તો પછી સાધના કેવી રીતે થઈ શકે ? આ એક સમસ્યા પણ સામાન્ય રીતે સાધકને ઉદ્ભવતી હોય છે, કેમ કે મોટેભાગે આપણે એવું માનતા હોઈએ છીએ કે જેમને સાધના કરવી છે, જેમને ભગવાન મેળવવા છે, તેમણે સઘળા દુન્યવી સંબંધો અને વ્યવહારને છોડી દેવા જોઈએ. સંસારમાંથી સંપૂર્ણ નિવૃત્તિ લઈને કેવળ ભગવાનમાં જ ચિત્તવૃત્તિ રાખવી જોઈએ. આ સંદર્ભમાં એક સાધકે શ્રી અરવિન્દને પૂછતાં તેમણે જણાવ્યું હતું, ''સંપૂર્ણ નિવૃત્તિ લેવાનો વિચાર શ્રી માતાજીનો બિલકુલ નથી. નિવૃત્તિ લેવાથી કંઈ સંયમ આવતો નથી. બહારની વસ્તુઓ સાથે સંબંધ રાખીને જે સંયમ રાખી શકાય તે જ સાચો સંયમ છે. દૃઢ નિશ્ચય અને અવિરત પ્રયત્નથી તેને અંતરમાં સ્થાપવાનો છે. વધુ પડતું હળવું-મળવું, ખૂબ વાતચીત કરવી વગેરે વસ્તુઓથી દૂર રહેવું જોઈએ. પણ સંપૂર્ણ નિવૃત્તિ લેવી એ મુખ્ય વસ્તુ નથી. આજ સુધી કોઈને ય એમાંથી ધાર્યું પરિણામ મળ્યું નથી.'' બધાંમાંથી નિવૃત્તિ લઈને સાધના કરવાથી સાધના ઝડપથી કરી શકાશે કે પોતાની જાત ઉપર કાબૂ મેળવી શકાશે; એ માન્યતા ભૂલભરેલી છે. આ વિષે આગળ શ્રી અરવિન્દે જણાવ્યું છે કે ''લોકોની સાથે હળવા-મળવાનું બિલકુલ છોડી દેવું એ સલાહભરેલું નથી. તમે જ્યારે લોકોની વચ્ચે રહેતા હો છો, ત્યારે પણ તમારે ઉચ્ચત્તર ચેતનામાં રહેવું જોઈએ.'' એટલે કે લોકોની સાથે લોકોના જેવા થઈને નહીં, નિમ્નચેતનામાં નીચે ઉતરીને નહીં, પણ પોતાની ઉચ્ચ ચેતનામાં - ભગવાન સાથેના તંતુને જોડાયેલો રાખીને લોકોની સાથેના સંબંધો રાખવા જોઈએ. પરંતુ સામાન્ય રીતે લોકો સાથે જ્યારે સંપર્ક કરવાનો થાય છે, ત્યારે મોટેભાગે મનુષ્યો અવળી વાતો કરવી, નિરર્થક ગપ્પા મારવાં, કોઈની નિંદા કરવી, આ બધું સાધના માટે વર્જ્ય છે. આથી ચેતનાનો આખો સ્તર નીચે ઊતરી આવે છે. શ્રી અરવિન્દ કહે છે કે, ''એ સાચું વલણ ન હોય તો અને જો તેઓ વધારે વખત પ્રમાણમાં પ્રાણમય ચેતનામાં જીવન ધારણ કરતાં હોય તો તેઓ નિમ્ન ચેતનામાં ઉતરી જાય છે..... બધા જ સંપર્કોમાં તમારે જે વસ્તુ કરવાની છે, તેમાં ભીતર રહેવું અને અનાસક્ત વલણ રાખવું.''

**પરિવારજનો સાથે સંકળાયેલું દૈનિક જીવન :**

જીવનમાં રહીને જ્યારે યોગસાધના કરવાની હોય તો કુટુંબીઓ, મિત્રો, સ્વજનો સાથે પણ સંબંધ જાળવવા પડતા હોય તો યોગમાં આ સંબંધો કેવી રીતે જાળવવા ? પરિવારજનો પ્રત્યે આપણું વલણ સાધક તરીકે કેવું હોવું જોઈએ ? આ પ્રશ્નો પણ આપણને ઉદ્ભવે છે. આ વિષે માર્ગદર્શન આપતાં શ્રી અરવિન્દે પત્રમાં જણાવ્યું છે કે,

''યોગ સ્વીકાર્યા પછી સંબંધો સાધનાના પાયા ઉપર જ રચાયેલા હોવા જોઈએ. સાધકોના અન્ય સાધકો સાથેના સંબંધો, જેવી રીતે આત્મા એક જ માર્ગે મુસાફરી કરતો હોય તે રીતે, અથવા સામાન્ય રીતના સંબધો કે જૂના સંબંધોને બદલે શ્રી માતાજીનાં બાળકો સાથે જે પ્રકારના સંબંધો હોય તે રીતે રાખવા જોઈએ..... વ્યક્તિ જ્યારે આધ્યાત્મિક જીવનમાં પ્રવેશે છે, ત્યારે સામાન્ય જીવનનાં કૌટુંબિક બંધનો ખરી પડે છે. વ્યક્તિ જૂની વસ્તુઓ પ્રત્યે તટસ્થ બની જાય છે. આ અનાસક્તિ એ જ મુક્તિ છે, પણ તેમાં કર્કશતા ન હોવી જોઈએ.'' જેમ જેમ વ્યક્તિ સાધના માર્ગે આગળ વધતી જાય છે અને તેની જ્ઞાનદૃષ્ટિ ખૂલે છે, તેમ તેમ તેને બધાં જ રૂપો પરમાત્માના રૂપો જણાય છે. તે કક્ષાએ તો બધાં જ જૂનાં સંબંધો અને બંધનો આપોઆપ ખરી પડતાં હોય છે, પણ જ્યાં સુધી આ કક્ષાએ ન પહોંચ્યા હોય ત્યાં સુધી તો વ્યક્તિએ બધી જ બાબતોમાં અનાસક્ત રહીને કાર્ય કરવું એ જ સાચું યોગિક વલણ છે.

**સંબંધોમાં કેન્દ્રસ્થાને પ્રભુ :**

સામાન્ય રીતે મનુષ્યનું જીવન પોતાના અહંકારની આજુબાજુ કેન્દ્રિત થયેલું હોય છે. પરંતુ સાધકનું જીવન પરમાત્માની આજુબાજુ કેન્દ્રિત થવું જોઈએ. તેના સઘળા સંબંધોમાં પણ પ્રભુ જ કેન્દ્રસ્થાને હોવા જોઈએ. બધા જ સંબંધો પ્રાણમય અહંકારને બદલે આત્માના પાયા પર રચાયેલા હોવા જોઈએ. આ સંબંધો વિષે સમજાવતાં શ્રી અરવિન્દ કહે છે કે, '' આત્માના પાયા પર રચાયેલા એટલે કે એકબીજા સાથે સંબંધ હોય તો તેમાં ઈર્ષા, સંઘર્ષ, ધિક્કાર વગેરે દુષ્ટ પ્રાણમય વૃત્તિઓ ન હોવી જોઈએ. અહંકારયુક્ત પ્રેમની પ્રવૃત્તિઓ કે જેમાં પોતાના અહંકારને પોષવા માટે જ પ્રેમ હોય, અહંકાર ઘવાય એટલે પ્રેમ ધૃણામાં પરિણમે અને પ્રેમ કરવાનું બંધ કરી દે; આવી વૃત્તિઓ બિલકુલ ન હોવી જોઈએ. પ્રેમની પાછળ એક જીવંત અને શાશ્વત એકતાની અનુભૂતિ હોવી જોઈએ. કોઈપણ પ્રકારના સંબંધો પ્રત્યે આસક્તિ ન હોવી જોઈએ કે જેથી સંબંધ વિકાસના માર્ગમાં વિઘ્નરૂપ બને કે પ્રભુનો હરીફ બને.''

**યોગમાં પ્રેમનું સ્થાન :**

યોગ એટલે પરમાત્મા સાથે જોડાવું અને પરમાત્મા સાથેના જોડાણમાં પ્રેમ તો મજબૂત કડી છે. પરમાત્મા પોતે જ પ્રેમસ્વરૂપ છે. એમની આ પ્રેમની શક્તિનો તો પૂર્ણરૂપે આવિર્ભાવ કરવાનો છે. આ યોગમાં હૃદયને કઠોર, શુષ્ક કે જડ બનાવી દેવાનું નથી, પણ પ્રભુના પ્રેમથી સદાય છલકતું રાખવાનું છે. પ્રભુનો એ પ્રેમ સર્વ મનુષ્યો, પ્રાણીઓ પ્રત્યે વહાવવાનો છે. શ્રી અરવિન્દ પત્રમાં જણાવે છે કે ''આ યોગનો કોઈ એવો ભાગ નથી કે જે હૃદયને શુષ્ક બનાવે, પરંતુ ઊર્મિઓને પ્રભુ પ્રત્યે જ વાળવાની છે.'' બીજા એક પત્રમાં તેઓ જણાવે છે કે ''આ યોગમાં ઊર્મિ જરૂરી છે અને નાની

નાની બાબતોમાં અતિશય ઊર્મિપ્રધાન સંવેદનશીલતામાંથી માણસમાં નિરાશાઓ પ્રવેશ કરે છે, તેના ઉપર વિજય પ્રાપ્ત કરવાનો છે. આ યોગનો મૂળભૂત પાયો જ ભક્તિ છે અને વ્યક્તિ જો પોતાના ઊર્મિમય સ્વરૂપનો વિનાશ કરી નાંખે તો તે ભક્તિ પ્રાપ્ત કરી શકે નહીં. એટલે આ યોગમાંથી ઊર્મિને બાતલ કરવી એવી કોઈ શક્યતા હોઈ શકે નહીં.'' આમ, શ્રી અરવિન્દના યોગમાં ઊર્મિઓને દબાવી દેવાની નથી, પણ તેમને પ્રભુ પ્રત્યે વાળવાની છે. પરંતુ સામાન્ય રીતે માણસની ઊર્મિઓ પ્રાણમય કામનાઓથી ભરેલી હોય છે. આવી ઊર્મિઓમાંથી મુક્ત થવું જોઈએ. એ માટેનો માર્ગ બતાવતા શ્રી અરવિન્દ કહે છે કે ''તમારા હૃદયમાં રહેલો ચૈતસિક અગ્નિ, જે પ્રભુ પ્રત્યે સ્થિરપણે પ્રજ્જવલિત રહે છે, તેને અભીપ્સા દ્વારા જાગૃત કરો. તે એક જ ઊર્મિમય પ્રકૃતિને મુક્ત કરવા માટેનો માર્ગ છે.''

**યોગસાધનામાં ભૌતિક વસ્તુઓનું સ્થાન :**

સામાન્ય રીતે આપણે એવું માનીએ છીએ કે સાધના કરવી હોય તો ભૌતિક વસ્તુઓ જેટલી ઓછી હોય તેટલું સારું. જીવનમાં અનિવાર્ય હોય એટલી જ ભૌતિક વસ્તુઓ રાખવી જોઈએ, બાકીનાનો ત્યાગ કરી દેવો જોઈએ. પરંતુ શ્રી અરવિન્દના યોગમાં આ પ્રકારનું વલણ સાચું નથી. તેમાં ભગવાને જો ભૌતિક વસ્તુઓ આપી હોય તો તેનો ભગવાનનાં કાર્યો માટે ઉત્તમ ઉપયોગ કરવાનો છે અને જો પછી એ વસ્તુઓ ચાલી જાય તો એટલા જ આનંદપૂર્વક વસ્તુઓ વગર પણ રહી શકવાની આંતરિક સ્થિતિ કેળવવાની છે. એટલે કે વસ્તુઓ ન હોય તો અભાવનું બિલકુલ દુઃખ ન થાય એવી ચેતનાએ પહોંચવાનું છે. સામાન્ય રીતે જેમની પાસે સમૃદ્ધિ અને વૈભવી વસ્તુઓ હોય તેમને અભિમાન હોય છે, તો જેઓએ સાધના માટે વૈભવી જીવન વસ્તુઓનો ત્યાગ કરી દીધો હોય, એમને પણ એક સૂક્ષ્મ પ્રકારનું અભિમાન હોય છે કે ''મેં કેટલો મોટો ત્યાગ કર્યો છે !'' આ બંને પ્રકારનાં વલણો આ યોગમાં અવરોધક છે. આ સાધનામાં તો ચેતનાની એવી સ્થિતિ કેળવવાની છે કે જેમાં વસ્તુઓ હોવી કે ન હોવી બંને સમાન જ હોય. વસ્તુઓ હોય તો તેનો વિશિષ્ટ આનંદ પણ નહીં અને ન હોય તો સહેજ પણ દુઃખ નહીં. આ સ્થિતિની સમજૂતી આપતાં શ્રી અરવિન્દે પત્રમાં જણાવ્યું હતું કે, ''વસ્તુઓ ઉપર માલિકી ન હોવી કે જરૂરયાતો ઓછી કરી નાંખવી એ નથી. તેના કરતાં તમે જે વસ્તુના માલિક છો, તેના પ્રત્યે અનાસક્ત રહો; એ વધારે ગુણવાળું છે. હોય ત્યારે સ્વીકારો, જાય ત્યારે અફસોસ ન કરો.''

વસ્તુઓના ઉપયોગ કરવા વિષે માર્ગદર્શન આપતાં શ્રી માતાજી કહે છે કે, ''તમારે એમ ન માનવું કે તમે વસ્તુના માલિક છો. એ વસ્તુ પ્રભુની છે. તેમ કોઈ વસ્તુનો ઉપયોગ કરો એવું પ્રભુ ઈચ્છતા હોય તો તમે તેનો ઉપયોગ કરો, પણ બીજી જ

પળે હસતાં હસતાં એને ત્યજી દેવા તૈયાર રહો.''

**સાધનામાં કઠોર તપશ્ચર્યાની આવશ્યકતા ખરી ?**

યોગસાધનામાં શરીરને કષ્ટ પડે તેવાં વ્રત-તપ-જપ-ધ્યાન-ઉપવાસ વગેરે કરવાં જોઈએ, એવી સામાન્ય માન્યતા પ્રવતર્તી જોવા મળે છે. એ સંદર્ભમાં શ્રી માતાજીને પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યું હતું કે, ''ના - એવી તપશ્ચર્યાથી તમે કોઈ સુધારો કરી શકતા નથી, માત્ર તમને ભ્રમ થાય છે કે તમે પ્રગતિ કરી રહ્યા છો. તમે એવી કોઈ વસ્તુનું રૂપાંતર કરતા નથી. જેવી તમે તપસ્યા બંધ કરો છો, તો વસ્તુઓ પહેલાં કરતાં વધારે બળવાન બને છે અને બમણા જોરથી વેર સાથે પાછી ફરે છે.'' ઘણીવાર તો તપશ્ચર્યાથી સાધકને સૂક્ષ્મ અહંકાર ઘણો વધી જાય છે. આવી તપશ્ચર્યા પ્રકૃતિના દિવ્યરૂપાંતરમાં ઉપયોગી બની શકતી નથી. આ સંદર્ભમાં પણ શ્રી માતાજી કહે છે કે, ''વારંવાર કષ્ટ આપવું, વગેરે તપસ્યાની રીતો છે. પરંતુ આ બધાંથી તમને કોઈ વસ્તુ ઉપર પ્રભુત્ત્વ મળતું નથી. આ તો ઘણું સહેલું છે. ખૂબ સરળ છે, એથી અભિમાન સંતોષાય છે, મિથ્યાભિમાન વધારે ને વધારે ફાલે છે ને ફૂલે છે, ને તે તમારી અંદર એટલા બધા ભયંકર અભિમાનનું સર્જન કરે છે કે તમે રૂપાંતર સાધી શકશો નહીં.'' આમ રૂપાંતરના યોગમાં શરીરને કષ્ટ આપે તેવી આકરી તપશ્ચર્યાઓને સ્થાન નથી. પરંતુ તેમાં તો સહુથી મહાન એવી શરીરના દિવ્ય રૂપાંતરની સાધના કરવાની છે, એમાં તો શરીરને વધારે શક્તિશાળી, સુંદર, નમનીય, મુલાયમ બનાવવાનું છે કે જેથી શરીર પોતે પણ ભગવના દિવ્ય પ્રકાશને ધારણ કરીને દિવ્ય બને.

---

(પૃ.૩ ઉપરથી)

## રૂપાંતરનો વિધાતા : અગ્નિ

બક્ષનાર છે. તેને પ્રાણીની વિકાસ પ્રક્રિયાનો જાણકાર કહેલ છે. (જાતવેદસ્)

આ અગ્નિ આનંદદાયક - આહ્‌લાદદાયક, તૃપ્તિદાયક છે.

માતાજી જ્યારે પોતાના સમગ્ર શરીરમાં આવાં દિવ્ય તેજને ધારણ કરીને સ્થિર બેઠેલાં હોય છે ત્યારે તેમને સમગ્ર શરીરમાંથી સુખદ સંવેદનો સતત રણઝણતા લાગે છે. માતાજી તેને 'પરમ આહ્‌લાદ' શબ્દથી વર્ણવે છે. તે પ્રકાશ શરીર દ્વારા ચૈત્યપુરુષ સાથે એકરૂપ થાય છે. પછી તે મસ્તકથી ઉપર ચડી પ્રભુમાં જઈ મળતો અનુભવાય છે. આ સ્થિતિમાં માતાજી માનસિક કોઈ પણ આદર્શોને ન અનુસરતા તે દિવ્ય પ્રકાશ કોષોને કેવી રીતે વિકસાવશે તેની પ્રતીક્ષા કરતાં હોય છે. અન્યત્ર આને માતાજીએ 'મૂક સ્થિર સંમતિ' તરીકે વર્ણવેલ છે.

કોષોની સાધનાનાં બીજ અહીં આપણને જોવા મળે છે.

# માતૃવાણી

- શ્રી માતાજી

## અખૂટ શક્તિ મેળવો

### અવતરણો

(માતૃવાણી - ૪, પૃ.૬-૧૪)

૧ જે શક્તિ આવતી હોય છે તેને કેવી રીતે તમારામાં ટકાવી રાખવી એ તમારે જાણવું જોઈએ અને એને તમારે જે પ્રવૃત્તિ કરવાની હોય તેના ઉપર પૂરેપૂરી એકાગ્ર કરવી જોઈએ. પૃ.૭

૨ સંકલ્પશક્તિ અને એકાગ્રતા કેળવવાનાં રહે છે. એમાં માત્ર પદ્ધતિસરનો, નિયમિત વ્યાયામ કરવાનો જ પ્રશ્ન રહે છે. પૃ.૮

૩ પુખ્તવયના માણસોમાં એવું બને છે કે શક્તિઓનો વિનિમય કરવાની સહજ રીતે બનતી રહેતી ક્રિયા મનની ક્રિયાને લીધે ક્ષીણ થવા લાગે છે. પૃ.૧૦

૪ ધ્યાન એ મનની પ્રવૃત્તિ છે... એ ફક્ત માનસિક એકાગ્રતા હોય છે..... માત્ર માનસિક રીતની નિરવતા હોય છે.... બીજા ભાગો માટે.... કાંઈ જ કરવામાં આવતું નથી. પૃ.૧૧

૫ એકાગ્રતા કરવી.... એ વસ્તુ ધ્યાન કરવા કરતાં વધારે મુશ્કેલ છે. પૃ.૧૨

૬ તમારી એકાગ્રતા આંશિક હોઈ શકે છે તેમ જ સમગ્રરૂપની પણ હોઈ શકે છે. પૃ.૧૨

૭ (એકાગ્રતાની) સંપૂર્ણતાને પૂરતા લાંબા સમય માટે ટકાવી રાખી શકો છો તો પછી તમારામાં એક બારણું ખૂલવા લાગે છે અને તમે તમારી સામાન્ય ચેતનાની મર્યાદાથી પર ચાલ્યા જાઓ છો. પૃ.૧૨

૮ આમાં ઘણી ઘણી વસ્તુઓ બની શકે છે. પૃ.૧૨

૯ એ બન્યા પછી તમારે આંતરિક અને ઊર્ધ્વ ચેતનામાં રહેતાં થઈ જવું જોઈએ..... આ એકાગ્રતાનું પહેલું લક્ષ્ય છે પણ એ છેવટનું લક્ષ્ય નથી જ. પૃ.૧૩

૧૦ સ્વપ્નોની જનેતાનો અર્થ શો છે ?... પેલી સર્જનહાર ચેતના છે, વિશ્વનું આદિમૂળ, વિશ્વરૂપા મા ભગવતી છે. પૃ.૧૩-૧૪

૧૧ તમારે પૃથ્વી પરની શક્તિ સાથે સંપર્કમાં આવવાનું હોય તો તમારે તમારી પોતાની અંદર કોઈ રીતની સંવાદિતા સ્થાપવાની રહે છે. પૃ.૧૩

૧૨ વિષાદ એ હંમેશા એક ઉગ્ર અહંકારની નિશાની છે. પૃ.૧૩

**સમજૂતી** - માનસિંહ ચાવડા

માતાજી એપ્રિલ ૧૯૪૯ના બુલેટિનમાંથી વાંચે છે :

''એકાગ્રતા એ ફક્ત બૌદ્ધિક વસ્તુ નથી. તે સ્વરૂપની સર્વ પ્રવૃત્તિમાં હોઈ શકે છે.

(શારીરિક, પ્રાણમય, માનસિક, ચૈતસિક વગેરે)..... આવી એકાગ્રતામાં પહોંચવા માટે આપણે શક્તિઓ ઉપર (આપણામાં પ્રવેશતી અને ખર્ચ થતી) એક સભાન કાબૂ મેળવવો જરૂરી છે.''

શું તમે શક્તિઓની પ્રાપ્તિ અને તેના ખર્ચ વિષે સભાન છો?

નાના બાળકો સહજ રીતે વિપુલ શક્તિ મેળવે છે અને વિપુલ ખર્ચ કરે છે. તે થાકતાં જ નથી. પણ મોટા થતાં માનસિક, પ્રાણમય અવરોધોને કારણે આ સહજ પ્રક્રિયા ઘટી જાય છે. આપણે સમજી-સમજીને શક્તિ ખરચીએ છીએ, પણ આ વૃત્તિ નૈસર્ગિક નથી. શક્તિ-સંચય કરી રાખવો એ નિસર્ગનો નિયમ નથી. જે મળે તે વાપરો. શક્તિના પ્રવાહો જેટલા વહેતા રહે તે જ શક્તિને વિશુદ્ધ રાખે છે. બંધિયાર પાણી જેમ પ્રદૂષિત થાય તેમ બંધિયાર શક્તિ પણ વિકૃત બની જાય છે.

તેથી શક્તિને કેવી રીતે ધારણ કરવી અને તે પછી તે કેમ યોગ્ય રીતે ખરચવી એ બન્ને વાતો આપણે સમજવી અને શીખવી પડશે. બન્ને પ્રક્રિયા સભાન રીતે કરવી જરૂરી છે અને સભાનતા માટે એકાગ્રતા જરૂરી છે.

**માતાજી, એકાગ્રતા શું છે?**

બેટા, એકાગ્રતા એટલે આપણી ચેતનાના વિચલનને એક જ સ્થળે સ્થિર કરવું છે. આપણી ચેતનાનો વિષય ક્ષણેક્ષણે બદલાય છે. તે પતંગિયાની જેમ અહીંથી ત્યાં અને ત્યાંથી બીજે જતી હોય છે. આને ચંચળતા કહે છે. આવી ચંચળતાને બંધ કરી એક જ વિષય ઉપર ચેતનાને કેન્દ્રિત કરવી એટલે એકાગ્રતા, આવી એકાગ્રતાથી નીચેના ફાયદા થાય છે :

૧ એકાગ્રતા જ અંતે ધ્યાનમાં પ્રવેશ આપે છે, ધ્યાનમાં વિચારનો પ્રવાહ એક જ વિષય ફરતે પ્રદક્ષિણા કરવા માંડે છે.

૨ એકાગ્ર વ્યક્તિ પોતાના કામને વ્યવસ્થિત કરી શકે છે, તેથી વધારે સફળ થાય છે.

૩ એકાગ્રતામાં સંકલ્પશક્તિ દૃઢ કરવાની ક્ષમતા પોતાની મેળે પ્રાપ્ત થાય છે.

૪ એકાગ્રતાને કારણે કામ ઝડપથી પતી જાય છે અને સમયની બચત થાય છે.

૫ એકાગ્રતાથી કામની ગુણવત્તા સુધરે છે, ભૂલો ઓછી થાય છે.

૬ એકાગ્રતાથી સભાન રહેવાની ટેવ પડે છે.

૭ એકાગ્રતાથી આંતરિક આનંદ પ્રાપ્ત થઈ શકે છે.

૮ એકાગ્રતા આપણને ચોક્કસ અને સ્પષ્ટ જ્ઞાન આપે છે.

એકાગ્રતા અભ્યાસથી મસલ-બિલ્ડીંગની જેમ વિકસાવી શકાય છે.

એકાગ્રતાનો શત્રુ એટલે શંકાકુશંકા, યશ મળશે કે નહીં, એવી શંકા હોય અથવા આ વસ્તુ નિરૂપયોગી છે એવી ધારણા એકાગ્રતાનો ભંગ કરે છે; કારણ આપણો તે કાર્યમાંનો રસ જ ઘટી જાય છે.

એક આશ્રમના બાળકને તેમના વર્ગ શિક્ષકે શીખવ્યું કે અગિયારમી ડિસેંબરની આસપાસ વર્ષમાંનો નાનામાં નાનો દિવસ હોય છે અને તે પછી દિવસ મોટો થતો જાય છે.

માતાજી આ વાત ઉપાડીને આગળની વાત જણાવે છે. પચ્ચીસમી ડિસેમ્બર, નાતાલનો દિવસ એ 'પ્રકાશનો ઉત્સવ' તે માટે જ ગણેલ છે. યેશુનો જન્મ તે દિવસે થયો તેથી તેનું મહત્ત્વ વધી ગયું. પણ મૂળતઃ તે ઈજિપ્તના લોકોએ શરૂ કરેલો ઉત્સવ છે, કારણ તેઓ સૂર્યપૂજક હતા. પ્રકાશના આરાધક હતાં. સૂર્ય એ શક્તિઓનું અખૂટ કેન્દ્ર છે. યેશુને પણ નવો અધ્યાત્મિક પ્રકાશ લાવનાર ગણ્યાં છે.

**માતાજી, માનવની માનસિક-પ્રવૃત્તિઓ વધવાના કારણે હવે તેની શક્તિ મેળવવાની ક્ષમતામાં ઘટાડો નોંધાયો છે, શું તે સાચું છે ?**

બેટા, મનના ખોટા ઉધામાને કારણે આવું બને છે. કહેવાય છે કે ચૌદ વર્ષ સુધી બાળક અખૂટ શક્તિ પોતાની મેળે મેળવી લે છે, કારણ એક નાનકડા પ્રાણી જેવું જ તેનું જીવન હોય છે. તે કુદરત સાથે તાલમેલ મેળવીને જીવે છે. હવે પુખ્ત વયનો માણસ ફરી બાળક બની શકતો નથી, તેથી તેણે સામાન્ય મનોમય ચેતનામાંથી ઉપર ઊઠીને સહજ પ્રજ્ઞામાં સક્રિય બનવું જરૂરી થઈ જાય છે.

હવે પ્રશ્ન છે, સહજપ્રજ્ઞામાં સક્રિય કેવી રીતે બનવું ? તે માટે નીચે મુજબ કરવાનું હોય છે :

૧ સહજપ્રજ્ઞા એ સર્વશક્તિમાન અને શાશ્વત તેજના ભંડાર છે. તે ઊર્ધ્વ-કક્ષાએ આવેલી છે. તે સર્વવ્યાપી તત્ત્વ છે અને બધાંની અંતર્યામી પણ છે.

૨ તે વિશ્વ-ચેતનાથી સંચાલિત થાય છે, તેથી સાધકે વિશ્વ-ચેતનામાં આરોહણ કરવું જરૂરી છે. વિશ્વ-ચેતનામાં પ્રવેશવા પોતાની ચેતનાને સમગ્ર બ્રહ્માંડવ્યાપી કરવા તેને આકાશ જેવી ગણી તે બાબત સભાન બનવું પડે છે.

૩ આ સભાનતાને તીવ્ર કરવા તે વિશ્વવ્યાપી પ્રજ્ઞા સાથે એકરૂપ થવાની અભીપ્સા સેવવાની છે.

૪ તે એકરૂપતા આવતા સંકલ્પબળે તે તેજોમય શક્તિને આપણાં મન, પ્રાણ, શરીરમાં અવતરણ કરાવવાની જરૂર છે.

૫ આ અવતરણ દ્વારા આપણને અખૂટ શક્તિ, અખૂટ જ્ઞાન મળી રહ્યું છે. તેની ઉપર જ્વલંત શ્રદ્ધા રાખવાની છે.

આ બધા જ તબક્કાઓનું વિવરણ માતાજી ઑગસ્ટ ૧૯૪૯ના બુલેટિનમાંથી વાંચી સંભળાવે છે.

માતાજી આગળ જણાવે છે કે ચેતનાને એકાગ્ર કરીને સમેટવાની પ્રક્રિયા અથવા પરિપૂર્ણ એકાગ્રતાની પ્રક્રિયા જ્યારે લગભગ પૂર્ણાવસ્થા પ્રાપ્ત કરે છે ત્યારે તમારી ચેતના સહજ રીતે ઊર્ધ્વ કક્ષામાં ઉઘાડ અનુભવે છે. તમે વિશ્વ-ચેતનામાં પ્રવેશ મેળવો છો. ત્યાં વિશાળતાનો અનુભવ થાય છે અથવા તમારી ચેતના ઊંડે ઊંડે ઊતરતી લાગે છે, તે હૃદય-

પ્રદેશમાં ઉઘાડ અનુભવે છે. ત્યાં તે ચૈત્યપુરુષનો પ્રકાશ અનુભવે છે. તેમાં પૂર્ણઆનંદ, પૂર્ણજ્ઞાન, પૂર્ણનીરવતા પ્રગટે છે.

જો તમે એકાગ્રતાની પૂર્ણતાની સ્થિતિ ટકાવી શકો તો તેની ઉપર જ આ અનુભૂતિ આવવાનો આધાર છે.

**માતાજી, આના માટે દર વખતે એકાગ્રતા કરવી જરૂરી છે ?**

હા બેટા, કારણ તમારી એકાગ્રતા સચવાતી નથી. તેની પૂર્ણતા લાંબાકાળ સાચવવી અઘરી છે. પણ શક્ય તો છે જ. શરૂઆતમાં તો આવી અનુભૂતિઓની થોડીક ઝલક મળી છે એવું યાદ રહેતું નથી. પણ વારંવાર કરવાથી તે સમગ્ર પ્રક્રિયા અને ઘટના સ્મૃતિમાં ભંડારાઈ જાય છે અને તમને અનુસ્મરણમાં રહેવા માંડે છે. એક વખત તે ઊર્ધ્વ ચેતનામાં પ્રવેશતા શીખી ગયા પછી ત્યાં જ રહેવાનો અભ્યાસ કરવો પડે છે. તે પછી તે સ્થિતિમાં જ રહીને જીવનનાં બધાં કાર્યો સભાન રીતે કરવાનો મહાવરો પાડવો જરૂરી છે.

**માતાજી, અહીં 'સ્વપ્નોની જનેતા' એવો શબ્દ વાપર્યો છે તેનો અર્થ શું ?**

બેટા, અહીં શ્રી અરવિન્દ સ્થિર શાંત ચેતનાની અનુભૂતિનું વર્ણન કરી રહ્યાં છે. તે વિશાલતાની અનુભૂતિને લગતી છે. તે ચેતનામાં રહીને તેને સ્થિર, શાંત ચેતના, અસીમતા, નિરાકાર સર્વવ્યાપી-ચેતના, નિરવ ચેતના, શુદ્ધ અસ્તિત્વ સ્વરૂપ ચેતના વગેરે જુદી જુદી રીતે વર્ણન કરી શકાય છે. તે બધી તે વિશાળતાની અનુભૂતિનાં જ વિવિધ પાસાં સ્વરૂપ અનુભવો છે. પણ જ્યારે તે અસીમ ચેતનાને (અક્ષરપુરુષને) આપણી નીચેની ચેતનાથી ઊર્ધ્વમાં આઘેઆઘે અનુભવીએ છીએ, ત્યારે તેનું વર્ણન શ્રી અરવિન્દ જુદું જુદું કરે છે. તેમાંનું એક વિશેષણ છે 'સ્વપ્નની જનેતા'. તે અસીમ ચેતનાનાં માધ્યમ દ્વારા જ પ્રભુનું જગતને સર્જન કરતું સ્વપ્ન નીચે અવતરણ પામે છે. તેથી તે 'સ્વપ્નની જનેતા' જણાય છે. બીજું, તે સ્થિતિ સ્વપ્ન જેવી રહસ્યમય નિમ્ન ચેતનાને લાગે છે, તે પણ એક કારણ છે.

**માતાજી, જ્યારે અમે આત્મવિશ્વાસપૂર્વક સારી રીતે રમતા હોઈએ ત્યારે અમને વિશ્વમાંથી શક્તિ મળતી હોય એમ લાગે છે. પણ ખરાબ રીતે અવસાદમાં રમતા હોઈએ ત્યારે તો શક્તિ ખર્ચાતી અને નબળાઈ લાગે છે આમ કેમ ?**

આ સંપૂર્ણ સાચી વાત છે. તમારામાંનો આત્મવિશ્વાસ, હકારાત્મક વલણ, આંતરિક સંવાદિતા અને આંતરિક આનંદ અને ઉત્સાહ જ તમને શક્તિ મેળવવા મદદરૂપ થાય છે. આથી વિરુદ્ધ અસ્વસ્થતા, આત્મવિશ્વાસનો અભાવ, તાણ, નકારાત્મક ભાવ, આંતરિક વિસંવાદ, આંતરિક અવસાદ અને નિરાશા તમને શક્તિના સ્રોતથી અલગ કરી નાંખે છે.

અવસાદ, વિષાદ એ અહંકારની નિશાની છે. અહંકારે નિર્માણ કરેલ વિસંવાદ જ અવસાદમાં પરિણમે છે.

સદા શક્તિસભરતા અનુભવવી એ યોગનું લક્ષણ છે.

# ગીતાનિબંધો

- શ્રી અરવિંદ

## મુક્તનું કર્મ (પૃ.૫૩૬-૫૫૦)

**અવતરણો** - પ્રકરણ - ૧૫

૧ એક નવા જ મૂળમાંથી, એક જુદી જ ચેતનાની ભૂમિકામાંથી જગતમાં..... કર્મ કરી શકાય છે. પૃ.૫૩૬

૨ જગતમાં......... કર્મનું સતત આચરણ - મુક્તસ્ય કર્મ......... મુક્તિ સાથે સંવાદી છે. પૃ.૫૩૬

૩ પોતાના અંતરમાં અને બહાર જગતમાં રહેલા પ્રભુ જોડે ઊર્ધ્વગામી એકતા સાધીને..... યોગમાં સ્થિર થઈને અર્જુને બિનઅંગત પણે અને વિશ્વભાવ સહિત કર્મ કરવાં જોઈએ.

૪ આપણો કર્મ કરનારો 'અહં' એ આત્માની વિશાળતામાં લય પામી જાય છે. પૃ.૫૪૦

૫ આપણે જેને પ્રકૃતિ કહીએ છીએ તે વસ્તુ..... વિશ્વનાં કર્મો કરનારી કાર્યવાહક શક્તિ છે. પૃ.૫૪૦

૬ અક્ષર બ્રહ્મ - મુક્ત અને અક્રિય એવો જ્ઞાતા અને સાક્ષી છે..... એ પોતે પ્રકૃતિની પાછળ અને તેનાથી ઊર્ધ્વમાં રહીને તેનાં સર્વે કર્મો જુએ છે. પૃ.૧૪૧

૭ પુરુષ અને પ્રકૃતિનાં આ દ્વૈતમાં.......... આપણું આખું અસ્તિત્ત્વ સમાઈ જતું નથી. પૃ.૫૪૧

૮ ગીતા એનાથી પર ઉત્તમ પુરુષની સર્વગ્રાહી પરમ એકતા સુધી, પુરુષોત્તમનાં અદ્વૈત સુધી પહોંચે છે. પૃ.૫૪૨

૯ અહીં આ જગતમાં જે થાય છે તે સઘળું ઊતરતા પ્રકારનાં મર્યાદિત કાર્યરૂપ હોય છે. પૃ.૫૪૪

૧૦ પ્રકૃતિ સમસ્તનું સઘળું કાર્ય પણ એક યજ્ઞ જ છે. પૃ.૫૪૫

૧૧ જગતના વ્યાપારમાં પ્રભુના વાણોતર તરીકે તે વર્તે છે. પૃ.૫૪૫

૧૨ પ્રકૃતિમાં રહેલી પ્રભુની દિવ્ય સંકલ્પ-શક્તિ એ (કર્મોની) પસંદગી સંપૂર્ણપણે પોતે કરે છે. પૃ.૫૪૭

૧૩ એને માટે આત્માનું અને પરમાત્માનું તથા જગતનું સાચું જ્ઞાન થવું જરૂરી છે. પૃ.૫૪૭

૧૪ જ્ઞાનીને પણ પોતાની પ્રકૃતિ અનુસાર વર્તન કરવાની ફરજ પડે છે.

ગીતા સામે હવે છેલ્લો પ્રશ્ન એ છે કે દિવ્ય-પ્રકૃતિમાં રહીને કર્મ કેવી રીતે કરવાં જેથી તે બંધનકારક ન રહે પણ યોગ - સાધનાનો ભાગ બની રહે અને તેના વ્યવહારુ ઉપાયો શું?

ગીતાની શ્રદ્ધા એ જ છે કે દિવ્ય-ચેતનામાં રહીને કર્મ કરી શકાય છે. તે કર્મ મુક્તિ અપાવે છે અને તે મુક્તિ બાદ પણ ચાલુ રાખી શકાય છે. તે 'મુકિતસ્ય કર્મ' બની જાય છે.

ગીતા કહે છે કે તે માટે કોઈ માનવી ક્ષુદ્ર કામનાઓથી પ્રેરિત બનીને નહીં પણ દિવ્ય સંકલ્પને આધિન અને તેથી પ્રેરિત થઈને કર્મ કરતાં આપણે શીખવાનું છે. તે માટે પોતામાં અંતર્યામી રહેલ અને બહાર જગતમાં રહેલ પ્રભુ સાથે એકરૂપતા સાધીને કર્મ કરવાનાં રહે છે તેથી બિનઅંગતતા આવે છે અને સાથેસાથે પોતે વિશ્વસ્વરૂપ આત્મા છે, એ ભાવ પણ રહે છે. તે માટેનું પ્રથમ પગલું છે, પ્રભુ ચેતના સાથે સભાન એકતામાં સતત રહેવું અને એ જ વખતે વિશ્વમાં જે દિવ્ય-સંકલ્પશક્તિ કામ કરી રહી છે અને તેને ઘાટ આપી વિકસાવી રહી છે, તેનાં કરણ બનીને કર્મ કરવાની ટેવ પાડવી.

બીજા પગલામાં આપણા અહંભાવને વૈશ્વિક ચેતનાની અચલ બાજુમાં વિલીન કરી નાખવો અર્થાત્ અક્ષરપુરુષ સાથે એકતા સાધવી. તેથી પોતે કર્મ કરતો નથી પણ પ્રકૃતિ જ કર્મ કરતી હોય છે એવો નૈષ્કર્મ્યભાવ જન્મે છે. પોતે કેવળ સત્-સ્વરૂપ, મુક્ત, અસંગ આત્મા છે એવો અનુભવ આવે છે પણ આમાં જણાતી પુરુષની અક્રિયતા અને પ્રકૃતિની સક્રિયતા એ કાંઈ અંતિમ સત્ય નથી. પુરુષોત્તમના સર્વસમાવેશ સત્યમાં આરોહણ કરવાનું હજી બાકી છે. આ પુરુષોત્તમ નિર્વૈયક્તિક અને વૈયક્તિક બન્ને છે. તેમાં અક્ષરપુરુષ આત્મસ્વરૂપને પ્રગટ કરે છે તો ક્ષરપુરુષ આત્માની શક્તિ તરીકે પ્રગટ થાય છે. શક્તિ અને શક્તિમાન અલગ થઈ જ શકતાં નથી. બન્ને મળીને વાસુદેવ સ્વરૂપ બને છે. શક્તિએ નિર્માણ કરેલી રચનામાં તે રહે છે, ત્યારે જ તે યોગી બ્રહ્મભૂતતામાં પ્રવેશે છે બ્રહ્મભૂયાય કલ્પયતે (૧૪.૨૬). આ અવસ્થામાં યોગીની ચેતના સમતા, વિશ્વમયતા, વિશાળ નૈર્વ્યક્તિતામાં રહેતી હોવાથી તેને જ પૂર્ણ સમર્પણ કહે છે.

ત્રીજું પગલું એ છે કે આપણે અંતર્યામી પ્રભુને આપણાં કર્મો અર્પણ કરતાં શીખીએ છીએ. પ્રભુ પોતે જ પોતાની સંકલ્પશક્તિથી આપણી દ્વારા કામ કરી રહ્યાં છે એવો અનુભવ થવો જરૂરી છે. આપણે આપણા પસંદગી મુજબ કર્મો નિશ્ચિત કરવાનાં નથી પણ પ્રભુ જ તેનું આયોજન કરે છે તેવો ભાવ રાખી મુક્ત અને પૂર્ણતાસભર કર્મો કરવાનાં છે. તેમાં એક દિવ્ય સંન્નિધિ, દિવ્યહાજરી જ કર્મો પોતાના હાથમાં લઈ કાર્ય કરતી અનુભવાય છે. તેને કારણે પ્રભુ સાથેની ગહન નિકટતા અને ગાઢ એકતા અનુભવાય છે. પ્રભુની પસંદગીમાં પણ કર્મો તો સહજ રીતે આપણી પ્રકૃતિનાં ઘાટને અનુરૂપ જ પ્રભુ તરફથી પસંદ થાય છે.

આવા મુક્તપુરુષનો અંતરાત્મા તેની આંતરિક નિર્વૈયક્તિકતામાં જ રહેતો હોય છે એક અસીમ, નિરાકાર, ચેતનાનો જ અનુભવ થાય છે અને આપણાં કર્મ કરવાનાં કરણો સ્વરૂપ મન, પ્રાણ, શરીર પોતાની પ્રકૃતિ અનુસાર (સ્વભાવજં કર્મ) શાંતિ અને આનંદથી તે કર્મો પાર પાડતાં હોય છે. આ સમગ્ર પરિવર્તન જ્ઞાનમય ભૂમિકા રચે છે, જેની દ્વારા પ્રભુનાં પુરુષોત્તમ સ્વરૂપને પ્રાપ્ત કરવાનું ઉત્તમ રહસ્ય (૪-૩) આપણે સમજતાં થઈએ છીએ. જીવનનું સંચાલન પ્રભુની જ દિવ્ય-શક્તિ કરતી અનુભવાય છે. અન્યોનાં જીવનની ઘટનાઓ પોતાના જીવનની ઘટના તરીકે આવો મુક્તાત્મા અનુભવે છે, કારણ તેનો પોતાનો આત્મા વિશ્વાત્મા સાથે એકરૂપ થઈ ગએલો હોય છે.

આવે વખતે તે મુક્તાત્માનાં કર્મો અને કાર્યો નીચેનાં ઘટકોના ખાસ આધારે સ્વરૂપ ધારણ કરે છે :

૧ જગતના ઉત્ક્રાંતિનો તબક્કો અને તેને અનુસાર સર્વસામાન્ય વિકાસ કરાવતો ઘટના-પ્રવાહ.

૨ પ્રભુનાં વિશેષ સંકલ્પે પોતાનો હેતુ સાધ્ય કરવા ઘટના - પ્રવાહને આપેલો વળાંક.

૩ કાળપુરુષે તે વળાંકને વાસ્તવિક બનાવવા લીધેલો નિર્ણય.

૪ જેમાં સર્વભૂતમાત્રનું આધ્યાત્મિક હિત રહેલ છે (સર્વભૂતહિતેરતાઃ ૫.૨૫) તેવું વલણ.

આ બધાનું સમગ્ર રીતે જે આંતરિકજ્ઞાન આવા મુક્તાત્માને મળતું હોય છે તેના આધારે જ તેનાં કર્મો ઘાટ લેતાં હોય છે. આ કાર્યો કરતી વખતે તે મુક્તાત્માની ચેતના ક્ષરમાંથી અક્ષરમાં અને તેમાંથી પુરુષોત્તમ ચેતનામાં આરોહણ કરીને પ્રગતિ સાધતી હોય છે. આવું જે સમગ્રતાનું જ્ઞાન મુક્તાત્માને અનુભવાય છે તેને જ ગીતા કૃત્સ્નવિદ્ (૩.૨૯) કહે છે. 'કૃત્સ્ન' એટલે સમગ્ર રીતે પૂરેપૂરી રીતે 'વિદ્' એટલે જાણનાર. અને આવો 'કૃત્સ્નવિદ્' પછી તે મુજબનાં સર્વાંગ સંપૂર્ણ કાર્યો કરે છે, જેને ગીતા કૃત્સ્નકૃત (૪.૧૮) કહે છે. કૃત્સ્નકૃત એટલે સમગ્ર રીતે કાર્ય કરનાર. આવી રીતે સક્રિય જીવન જીવનાર મુક્તાત્મા અક્ષરપુરુષની સ્થિરતા અને અચલતામાં તો રહે જ છે પણ સાથેસાથે અંતરાત્માની, ક્ષરપુરુષની સક્રિયતામાં પણ રહે છે. તેને સક્રિયતાની અવસ્થા ચેતનાની બાહ્ય સપાટી સ્વરૂપ લાગે છે અને પ્રથમ આંતરિક સ્થિરતા ગહન-શાંતિ સ્વરૂપ લાગે છે જે તેની ચેતનાની અતળ ઊંડાણમાં સ્થિર છે.

ગીતા આ સમન્વયાત્મક વાસ્તવિકતાને સ્વીકારે છે. બાહ્ય સપાટી ઉપર તો એવું લાગે છે કે જાણે મુક્તાત્મા પણ પોતાની કૃતિ અનુસાર જ જીવી રહ્યો છે.

આવી રીતે ગીતા કર્મ અને જ્ઞાનનો સમન્વય સાધે છે, જેને તે 'મુક્તસ્યકર્મ' કહે છે.

# માનવવિકાસ ચક્ર
- શ્રી અરવિંદ

પુસ્તક પરિચય - **કે.કે.ખખ્ખર**

**(લેખ ક્રમાંક - ૧૨)**

## સભ્યતા અને બર્બરતા

શ્રી અરવિન્દે માનવવિકાસ ચક્ર ગ્રંથમાં જણાવ્યું છે તેમ આધ્યાત્મિક સમાજના બે મહત્ત્વનાં લક્ષણો છે - વિવિધતા અને સંવાદિતા. પરંતુ વર્તમાનમાં સમગ્ર માનવજાતિ એકતા અને સંવાદિતા સિદ્ધ કરવાની સ્થિતિમાં નથી. આવું ન બને ત્યાં સુધી આપણી પાસે, આપણા અંકુશ હેઠળનું સૌથી સઘન અને હાથવગુ સાધન વ્યક્તિનું પોતાનું અર્થાત્, વ્યક્તિગત માનવીનું છે. શ્રી અરવિન્દ કહે છે કે આમ પણ આધ્યાત્મિક સમાજની રચનાની પ્રથમ શરત વ્યક્તિના પૂર્ણ અને મુક્ત વિકાસની છે, કારણ કે વ્યક્તિ એ સમાજનું પાયાનું એકમ છે અને તે માનવસમાજના વિકાસનો પાયો છે. વ્યક્તિ જ માનવસમાજના વિકાસનું માપ અથવા આંક છે. આથી વ્યક્તિનો પૂર્ણ અને મુક્ત વિકાસ આધ્યાત્મિક સમાજની રચનાનું પ્રથમ ચરણ છે.

જ્યારે પણ આપણે માણસની વાત કરીએ છીએ ત્યારે આપણી સમક્ષ તેનું સ્થૂળ કે ભૌતિક સ્વરૂપ ઊપસી આવે છે. પરંતુ શ્રી અરવિન્દે એમ દર્શાવી આપ્યું છે કે ભૌતિક શરીર એ માનવીનું મૂળસ્વરૂપ નથી. વળી, પ્રાણ અને મન પણ તેનાં મૂળ સ્વરૂપો નથી. શ્રી અરવિન્દ સમજાવે છે કે મનુષ્યનું મૂળસ્વરૂપ તેનું 'આત્મતત્ત્વ' છે. શરીર, પ્રાણ અને મન આ આત્મતત્ત્વ સુધી પહોંચવાનાં માત્ર સાધનો છે.

શ્રી અરવિન્દે જણાવ્યું છે કે હાલ માનવજાતિ અને તેના પાયાના એકમ તરીકે વ્યક્તિગત માનવી માનવજાતિની ઉત્ક્રાંતિની ગંભીર કટોકટીમાંથી પસાર થઈ રહ્યાં છે. આધ્યાત્મિક સમાજની પરિકલ્પના અંતર્ગત વ્યક્તિના સ્વાતંત્ર્યને સર્વોચ્ચ મહત્ત્વ આપવામાં આવ્યું છે. પરંતુ આવું સ્વાતંત્ર્ય ભોગવતા મનુષ્યો પરસ્પર સહકાર સિદ્ધ ન કરી શકે, તો સમગ્ર સમાજ વિસંવાદી બની રહે અને તેથી સામાજિક અંધાધૂંધીનું સર્જન થાય. આથી માનવએકતાનો અને આધ્યાત્મિક સમાજની રચનાનો આદર્શ સિદ્ધ થઈ શકે નહીં તે સ્વાભાવિક છે. શ્રી અરવિન્દ સ્પષ્ટ કરે છે કે સહકારના અભાવમાં વ્યક્તિ-સ્વાતંત્ર્ય નિરર્થક બની રહે છે. આથી ઉત્ક્રાંતિની પ્રક્રિયાની વર્તમાન ક્ષણે મનુષ્યે સૌ પ્રથમ પારસ્પરિક સહકાર સાધવાના અને સંવાદિતાની સ્થાપના કરવાના પડકારને

ઝિલવાનો રહે છે.

શ્રી અરવિન્દ આપણું ધ્યાન એ બાબત તરફ દોરે છે કે પશુમાંથી વર્તમાન અવસ્થામાં પહોંચેલા માનવીએ તેના જીવનની શરૂઆત તો અર્ધ-માનવ કે અવમાનવથી જ કરી હશે. આથી જ આપણને ક્યારેક એમ લાગ્યા કરે છે કે મનુષ્યમાં હજુ પણ જડતા કે પશુત્ત્વ તરફનો ઝોક ચાલુ જ છે. તે હજુ જમીનની આસક્તિમાંથી મુક્ત થયો નથી અને તે સલામતીનાં મૂળિયાં પકડીને ચાલતો હોવાનું જણાય છે. ક્યારેક તેનામાં બર્બર કે જંગલી પ્રજાની લૂંટારુવૃત્તિ પણ કામ કરતી જોવા મળે છે. તે ટોળાના નિયમો અનુસાર ચાલતો અને ગુલામ અવસ્થામાં જકડાયેલો જણાય છે. તેને કોઈ પણ વાત બુદ્ધિપૂર્વક સ્વીકારતા અને પચાવતા સમય લાગે છે. તેનું શરીર અને પ્રાણ તેના અર્ધમાનવ કે અવમાનવ સ્થિતિના પૂર્વજોનો વારસો હોવાથી આમ બને છે તેમ શ્રી અરવિન્દ સમજાવે છે.

જો કે, શ્રી અરવિન્દ આપણને એવું આશ્વાસન આપે છે કે હવે માનવચેતનામાં દૃશ્ય પરિવર્તન આવી રહ્યું છે. આ એક સારી નિશાની છે એમ તેઓ કહે છે. મનુષ્યના તદ્દન સ્થૂળ જીવન સાથેની બર્બરતા અને જંગલી અવસ્થા સાથેની તેની તદ્દરૂપતાનો સમય વીતી ગયો જણાય છે. તે હવે માત્ર શારીરિક પ્રાણી મટીને પ્રાણમય અને અર્થપ્રધાન અવસ્થામાં આવી ચુક્યો છે. વળી, તે વિચારશીલ મનની અવસ્થાએ પણ પહોંચી ગયો છે. આથી તે પોતે શું થઈ શકે તેમ છે અને તેનામાં વિકાસની કેવી શક્યતાઓ રહેલી છે તેનો વિચાર કરતો થયો છે. ટૂંકમાં, એટલું તો નક્કી છે જ કે લોકો પોતાને હવે જંગલી કે બર્બર સ્થિતિમાં જોવા માગતા નથી.


## કેન્દ્રનાં પ્રકાશનો

૧ શ્રી સત્પ્રેમના On way to suppermanhoodમાં જણાવેલી શ્રી માતાજીની અનુભૂતિઓના આધારે વેદ, ઉપનિષદોના સહારે આગામી ઉત્ક્રાંતિની આંતરપ્રક્રિયાઓની સમજણ આપતો ગ્રંથ
**'માનવતાની પેલેપાર'** કિ. ૨૦૦/-

૨ શ્રી અરવિન્દનાં ઉપનિષદ ઉપર આધારિત
**'શ્રી અરવિંદોપનિષદ-સાર'** કિ. ૬૦/-

૩ શ્રી અરવિન્દના રાષ્ટ્રીય કેળવણી વિષેના વિચારો ઉપર આધારિત
**'રાષ્ટ્રિય કેળવણી'** કિ. ૫૦/-

ત્રણે પુસ્તકના લેખક - **માનસિંહ ચાવડા**

**તા. ૧.૫.૨૦૧૦થી તા.૧૫.૮.૨૦૧૦ સુધીમાં ઑર્ડર આપનારને ૩૦% વળતર આપવામાં આવશે.**

# સાવિત્રી

- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

Savitri - B-1, C-3, P-34-35

## કોષોની સાધના : એકજ પર્યાય

પ્રકરણ - ૯૧

પરમ-ચેતના ચૈત્યપુરુષને આગળ ધરીને અવચેતનમાં ઉતરે છે. જાણે દરેક સાધકમાં મહાભારત યુદ્ધ લડાઈ રહ્યું છે ! પરમ-ચેતનારૂપી અર્જુન, શિખંડીરૂપી ચૈત્યપુરુષને આગળ ધરી પુરાતન અવચેતનરૂપી ભીષ્મનો વધ કરે છે અથવા પરમ-ચેતનારૂપ શ્રીકૃષ્ણ ચૈત્યપુરુષરૂપી અર્જુનને સામે ધરી કૌરવરૂપી વાસનાઓનો નાશ કરે છે.

આ તો સર્વસાધારણ વ્યૂહ-રચનાની વાત થઈ. પ્રત્યક્ષ સાધના ચિત્તરૂપી ધર્મક્ષેત્ર કુરુક્ષેત્રમાં આ યુદ્ધ કેવી રીતે ખેલાય છે તે હવે શ્રી અરવિન્દ જણાવે છે. આ યુદ્ધનું નામ છે - કોષોની સાધના. તેના વિષે હવે શ્રી અરવિન્દ જણાવી રહ્યાં છે. આ કોષોની સાધના કરવાનો મૂળભૂત હેતુ એક જ છે. પરમ-ચેતનાને આધિન રહીને બધાં તત્ત્વો રહે. પરમ-ચેતનાના આવિર્ભાવ-પ્રક્રિયા અર્થાત્ ઉત્ક્રાંતિમાં બધા મદદરૂપ થાય. અવરોધરૂપ ન બને તે માટે જ તેમને સર્જ્યાં છે તેથી તે અનુસાર જીવવું એ જ તેમનો સહજ ધર્મ છે, સનાતન ધર્મ છે. તે બધાં આ રીતે જીવશે તો પરમ-ચેતના પોતે દિવ્ય-પ્રકાશ સ્વરૂપ દિવ્ય-શક્તિ તરીકે કોષોમાં અવતરણ પામશે અને કોષોના કેન્દ્રિય નાભિમાં પોતે સ્થાપિત થશે. તે ચેતનાના આલોકથી કોષો આંતર-બાહ્ય પ્રકાશિત થશે. સાચા અર્થમાં શરીર દીપાવલિ ઉજવશે. કારણ, આ જ સાચી વિજયા દશમી હશે.

શરીરને નવ દ્વાર અથવા છિદ્રો છે. બે આંખ, બે કાન, બે નરકોરાં, મુખ, ગુદા અને લિંગ. આ 'નવદ્વારે પુરે દેહિન' ચેતના વસે છે. નવદ્વારની આ દ્વારિકા છે. પણ એક દ્વાર હજી બીડાએલું છે. તે સુવર્ણમય દ્વારને દિવ્ય-શક્તિ પોતે ખોલી નાખે તો પ્રભુનો વિજય નિશ્ચિત છે. આ દશમદ્વાર ખોલવું અને પ્રભુનો વિજય નિશ્ચિત કરવો એ જ વિજયા-દશમી છે.

વિજયા-દશમી વ્યક્તિગત રીતે ઘણાં ભૂતકાળનાં અને વર્તમાન - યોગીઓએ હાસલ કરી છે. પણ સામૂહિક - રીતે અર્થાત્ નવજાત બાળકોમાં જન્મથી જ આ દ્વાર

અધખોલું બની રહે અને તે વૈશ્વિક ઉત્ક્રાંતિની એક સિદ્ધ ઘટના સર્વ માટે પ્રાપ્ત બની રહે તેવો પ્રયત્ન હજી સુધી થયો નહોતો, કારણ સમય પાક્યો નહોતો પણ ૨૯-૨-૫૬ના રોજ તે સમય સમી સાંજે પોંડીચેરીના પ્લેગ્રાઉન્ડ ઉપર પાક્યો અને તે ઘટના બની. મનોમયકોષમાં બીજસ્વરૂપે રહેલ વિજ્ઞાનમય કોષને ફણગા ફૂટવાની શરૂઆત થઈ. અનેક દિવ્યબાળકોએ ઘસારાબંધ આ ક્ષમતા સાથે ધરાતલે જન્મ લીધો. ઘટના યુગપ્રર્વતક હોવા છતાં અણદેખી, અણઉકેલી રહી. પ્રભુ પોતાનું આગમન અને પૃથ્વી સાથેનાં સપ્તપદી પગલાં ઢોલ ઢબૂકાવી, શરણાઈનાં સૂર રેલાવી, સામાન્ય માનવની જેમ જાહેર કરતાં નથી.

માતાજીનાં શરીરનાં કોષોમાં દીપાવલિ પ્રગટી અને તેમણે પૃથ્વી સાથે એકરૂપતા સાધી. તેની મદદથી ધરતીમાં દીપ પ્રગટાવ્યા અને ઉપરની ઘટનાઓને એક ભૌતિક મજબૂત આધાર આપ્યો.

કોષોની સાધનાની શરૂઆત માતાજીએ કરી. તેમનાં દિવ્ય બાળકોએ તે અનુસરવાની છે, એ જ ઉત્ક્રાંતિનો આજના તબક્કાનો યુગધર્મ છે. શ્રી અરવિન્દ લખે છે કે,

All here must learn to obey a higher law,
Our body's cells must hold the Immortal's flame.

શ્રી અરવિન્દ અહીં Immortal નો "I" કેપિટલ કરીને પરમ-ચેતનાનું સૂચન કરે છે.

જો આ યુગધર્મ બાબત આપણે ગાફેલ રહેશું તો શું થશે એ શ્રી અરવિન્દ જણાવે છે. કોષોની સાધના દરેક પૂર્ણયોગીએ કરવાની જ છે, નહીં તો તે પોતે જ ઉત્ક્રાંતિના કાર્યમાં અને પર્યાયે પ્રભુના કાર્યમાં અવરોધરૂપ પુરવાર થશે એવી ખતરાની ઘંટી શ્રી અરવિન્દ બજાવી રહ્યાં છે. - સાવધાન ! તેથી શ્રી અરવિન્દ "must learn" કહે છે.

શ્રી અરવિન્દ જણાવે છે કે આ રીતે આપણે સહુ નીચે અવતરણ પામતા દિવ્ય-પ્રકાશને કોષોની સાધના ન કરીને પૂરતો આધાર નહીં આપીએ તો શું થશે ? શ્રી અરવિન્દ જણાવે છે કે તેમ નહીં થાય તો પરમ-ચેતનાનાં પ્રતિનિધિ સ્વરૂપ ચૈત્યપુરુષ પાછો ફરશે, મન, પ્રાણ - શરીરનું રૂપાંતરનું કાર્ય અધૂરું મૂકીને મોઢું ફેરવી લેશે અને પોતાના ઉદ્ભવ સ્વરૂપ પરમ-ચેતના સાથે સંલગ્ન થઈને, તેમાં જ રમમાણ થઈને અવ્યક્ત અવસ્થામાં પડ્યો રહેશે. ઉત્ક્રાંતિનું કાર્ય આગળ નહીં વધે. પહેલેથી જ સ્થગિત થએલી ઉત્ક્રાંતિનો સ્થગિતતાનો સમયગાળો વધારી મૂકવામાં આવશે.

હાલમાં જે ૧૯૫૬માં ઉત્ક્રાંતિને આગળ વધારવાનો ઘસારો થયો છે તે પણ પાછો વળશે. તે પછી ક્યારે માતાજી જેવા સમર્થ વ્યક્તિ પાકે, આ કાર્યનું મહત્ત્વ ઓળખે અને સંપૂર્ણ સમર્પણ અને અભીપ્સાની જોરે આ પ્રયત્ન ફરી આદરે, એ કઠિન કાર્ય હાથમાં લેવાશે એ તો પ્રભુ પોતે જાણે. માનવે પોતાની મૂર્ખાઈથી પોતે દુર્ભાગ્ય નોતર્યું એમ જ કહેવાશે. જો પ્રકૃતિને લાગશે કે આવી માનવજાતનો પ્રયોગ નિષ્ફળ ગયો છે તો આ માનવજાતનું નિકંદન અને સાફસૂફીની શરૂઆત થશે. પ્રભુની પાટી ઉપર જૂનો દાખલો ભૂંસી નવો ગણાશે.

આ હોનારતોની હારમાળા જેમને માન્ય છે તેઓને શ્રી અરવિન્દ આથી પણ વધારે સ્પષ્ટ રીતે કેવી રીતે ચેતવશે... પ્રભુ ઇચ્છા કહીને સ્વસ્થ બેસવું એ જ કદાચ માર્ગ રહેશે. યાદવ-સ્થળી વખતે ભગવાન શ્રીકૃષ્ણને કડવો નિર્ણય લેવો પડ્યો કે પોતે એકલા અટુલા જંગલમાં જઈ હાથ ખંખેરીને વિલીન થઈ જાય. ઇતિહાસને પુનરાવર્તન કરવામાં જરાપણ ક્ષોભ નડતો નથી.

જો ચૈત્યપુરુષ મન-પ્રાણ શરીરનું રૂપાંતર કર્યા વગર પાછો ફરશે તો જગતને બચાવવાનું અધૂરું કાર્ય પૂર્ણ નહીં થાય.

અત્યાર સુધી પરંપરાગત યોગ-સાધનામાં શરીરથી આત્મતત્ત્વ અર્થાત્ ચૈત્યપુરુષને અલગ પાડીને બ્રહ્મ-ચેતનામાં વિલીન કરી નાખવામાં આવતો હતો. જન્મમરણની પ્રક્રિયાને અધવચ્ચે જ બંધ પાડી દેવામાં આવતી હતી. આ ઘટના પાણીનાં શુદ્ધિકરણના પ્રયોગ જેવી છે, જેમાં એક કાંચપાત્રમાં અશુદ્ધ જળ લઈને તેને તપાવવામાં આવે છે. પાણીની વરાળને કાંચનળી વાટે અન્ય કાંચપાત્રમાં લઈ જઈ ટાઢી પાડવામાં આવે છે અને શુદ્ધ જળ મેળવાય છે. પણ મૂળ કાંચપાત્ર તો અશુદ્ધ જ રહી જાય છે. ઉપનિષદો જણાવે છે કે જેમ ઘાંસની ઉપરની સૂકાએલી છાલની ભૂંગળીમાંથી અંદરના સાઠકડાને સહેજ રીતે બહાર કાઢી લેવામાં આવે છે તેમ આત્મતત્ત્વ આ શરીરરૂપી ભૂંગળીને ત્યાગીને પરમ-ચેતનાનાં મહાસાગરમાં વિલીન થઈ જાય છે.

આ પણ સાક્ષાત્કારની પદ્ધતિ જરૂર છે પણ પ્રભુનું સાચું દીર્ઘકાલિન આયોજન નથી પણ એક આપત-કાલિન આયોજન છે. આમાં તો મૂળ આયોજનને તાત્કાલિક ધોરણે સ્થગિત કરીને આયોજનનાં અધૂરાં ફળને બચાવી લેવામાં આવે છે. બાકીનાંને તેના ભાગ્ય પર છોડી દેવામાં આવે છે. અર્ધું ફળ છે ચૈત્યપુરુષની રચના અને તેનું સ્વરૂપ. તેનું ગઠન અને બંધારણ. તેને બચાવી લેવામાં આવે છે પણ તેની

પ્રકૃતિને ત્યાગવામાં આવે છે.

આને પરિણામે શું થશે ? શ્રી અરવિન્દ જણાવે છે કે વિશ્વ પ્રકૃતિ પોતે ઉત્ક્રાંતિ માટે સતત પ્રયત્ન કરતી રહેશે. તે અવચેતન અને અચેતનના કેદમાંથી મુક્ત થવા તરફડિયાં મારશે પણ પાણી બહાર ફેંકાઈ ગએલી માછલીના જેમ અંતે મરવાનું જ તેનું ભાગ્ય બની રહેશે. તેના પ્રયત્નોનું કોઈ ફળ નહીં દેખાય. તેમાં ચેતનાનો તણખો નહીં પ્રગટે. તેને ઉત્સાહિત કરનારી કોઈ ઘટના નહીં બને. તેને નવો શક્તિ પુરવઠો નહીં મળે અને પૃથ્વી ઉપરની આ પરિસ્થિતિને કારણે પૃથ્વી પોતે આ અંતરિક્ષમાં કોઈની પણ મદદ વિનાની ઘૂમ્યા કરશે. આજે જેવી દુઃખી છે તેવી જ. કારણ વિશ્વશક્તિઓની મદદ તેના જ અંશરૂપ માનવોએ નકારી છે. શ્રી અરવિન્દ લખે છે કે -

Else would the spirit reach alone its source
Leaving a half-saved world to its dubious fate.
Nature would ever labour unredeemed;
Our earth would ever spin unhelped in space.

શ્રી અરવિન્દ અહીં "Our earth" કહીને સમગ્ર પૃથ્વી માટે લાગણી દર્શાવે છે. શું આપણે આ ભવ્ય ભાવનાને પચાવી શક્યાં છીએ ?

આ ઘટના પછીની વિડંબના શ્રી અરવિન્દ દર્શાવે છે. આ કારણે આ જે અસીમ બ્રહ્માંડ રચાયું છે તેનો મૂળભૂત હેતુ જ માર્યો જશે. પ્રભુને સાકાર સ્વરૂપે, ભૌતિક સ્વરૂપે આ ધરાતળે વિહરવું છે, અને તે માટે દિવ્ય-ભૌતિક તત્ત્વ અને તેમાંથી રચાએલાં દિવ્ય-દેહની ખૂબ જ જરૂરી છે જે કોષોની સાધના સિવાય રચવું શક્ય નથી. પણ અત્યાર સુધીની બધી જ યોગ-સાધનાની પગદંડીઓ અને રસ્તાઓ જે ધોરી-માર્ગને મળે છે તે અધૂરો માર્ગ છે. લોકો કોષોની સાધનાથી ડરે છે, કારણ (૧) તે તેમને અઘરી લાગે છે. (૨) તેમને પોતાની જૂની સાધનાનો મોહ છે. શાસ્ત્રો આને 'કષાય દોષ' કહે છે. કષાય એટલે કટાઈ જવું. સાધકમાં એકથી એક શ્રેષ્ઠ સાધના કરવાનો ઉત્સાહ જ ઓસરી જાય છે. થાકેલો વાંદરો આરામથી એક જ ડાળીએ બેઠો રહે છે તેમ આ સાધક ઉત્સાહના અભાવે પોતાની વર્તમાન સાધનામાં જ બેઠોબેઠો કટાઈ જાય છે, ખૂંપી જાય છે. તે ઉત્ક્રાંતિની પ્રગતિ સાથે પોતે કદમ મિલાવી શકતો નથી. પાછળ રહી જાય છે. આ Outdated થવાની પ્રક્રિયા છે. સતત વિકાસની નથી. આવો સ્પર્ધક અધવચ્ચે જ કપાઈ જાય છે. પ્રભુના આયોજનમાં તે નકામો પુરવાર થાય છે. કોષોની સાધના ઉત્ક્રાંતિને આગળ ધપાવવાનો આજના તબક્કાનો યુગધર્મ છે, આપદ્‌ધર્મ છે.

પ્રભુના આયોજનને બચાવવાનો, અનુસરવાનો આ મરણિયો પ્રયત્ન છે. દિવ્યયોદ્ધા બનવાનો આ શુભ અવસર છે. કેસરીયા કરવાનું ટાણું છે.

જો આ નહીં થાય તો આ અયશસ્વી બનેલી ધરા ફરી અચેતન બનીને જડ બની જશે. સચેતન સૃષ્ટિ ઉપર અચેતનનાં ઝાંઝાવાતી વાયરા ઉતરી પડશે. સમગ્ર પૃથ્વી ઉપરની સૃષ્ટિનો નાશ થશે. પ્રભુને પોતાનો પ્રયોગ શોધવા અન્ય ગ્રહ ઉપર જવું પડશે.

"Our earth" ને આ કફોડી સ્થિતિમાં મૂકવી છે? .....

આ વિપદાની શૃંખલા અહીં પૂરી થતી નથી. પૃથ્વી ઉપર રહેલાં ચૈત્યપુરુષો ઉપર પણ આના વિપરીત પરિણામો અચૂક થવાનાં છે. ચૈત્યપુરુષ માનવોમાં જ હોવાથી તે પરિણામો માનવજાતિ ઉપર થતાં દેખાશે. ચૈત્યપુરુષને ઉત્ક્રાંત થવાની જે દિવ્ય-ક્ષમતાઓ આપી છે તે પણ આથી નષ્ટ થશે. અને તેથી માનવ આજે અન્ય પ્રાણીઓથી કૂદકે અને ભૂસકે આગળ વધી રહ્યો છે તે તેની ક્ષમતા પણ લઈ લેવામાં આવશે. માનવ પણ અન્ય પ્રાણીઓની જેમ out-dated, કાલબાહ્ય પ્રાણી બની જશે.

ચૈત્યપુરુષમાં જે આ પ્રગતિની વિશેષ ક્ષમતા છે તે તેની પાછળ ઊભી રહેલી પરમ-ચેતનાના દૃઢ આધારને આભારી છે. પૃથ્વી ઉપરની ઉત્ક્રાંતિને પડતી મૂકાતા જ પરમ-ચેતનાને હવે આ રીતે આધાર આપવાનો કોઈ હેતુ નહીં રહે, તેથી તે પણ તે કાર્યમાંથી પાછી હઠી જશે અને નવું આયોજન જે ગ્રહ ઉપર થશે તેનો આધાર બની રહેશે.

આના ખૂબ જ ઘેરા પરિણામો માનવવંશ ઉપર થશે, કારણ માનવજાતિ જ તેમના કાર્યનું પૃથ્વી ઉપરનું માધ્યમ છે અને તેમનો હાલનો પ્રતિનિધિ છે.

And this immense creation's purpose fail
Till at last the frustrate universe sank undone.
Even his godlike strength to rise must fall:
His greater consciousness withdrew behind;
વિપત્તિની આ શૃંખલાનાં ઘેરાં પરિણામો તો હજી બાકી છે.

શું છતાં પણ આપ વિચારો છો કે કોષોની સાધના કરવી એ અનેક પર્યાયો પૈકી એક છે અથવા તે કરવી અઘરી છે તેથી તેમાં ન પડાય. અથવા તો તે અંતે જ કરવાની હોય છે. અથવા તેવી સાધના ફક્ત માતાજી જેવાં જ કરી શકે. અમારું કામ નહિ?

આપના ઉત્તર ઉપર માનવનું ભાવિ તોળાઈ રહ્યું છે.

# યોગ વિષે પત્રો

- શ્રી અરવિંદ

## સ્વરૂપની ભૂમિકાઓ - પ્રકરણ - ૧૧

### અવતરણો

(ભાગ-૧, પૃ. ૩૧૮-૩૨૧)

## સક્રિય અને નિષ્ક્રિય સાક્ષાત્કાર

૧ સ્વરૂપમાં રહેલી દરેક ભૂમિકા ઉપરની આ દ્વિવિધતા (પુરુષ અને પ્રકૃતિ) તે કેવળ..... ચૈતસિક તત્ત્વ વિશે જ સાચું નથી, પરંતુ મનોમય, પ્રાણમય અને શારીરિક પુરુષ વિશે પણ તે પ્રમાણે છે. પૃ.૩૧૮

૨ તૈતરિય ઉપનિષદ પુરુષની બીજી બે ભૂમિકાઓ વિશે પણ કહે છે. એક જ્ઞાનની (વિજ્ઞાનમય)..... અને બીજી આનંદની ભૂમકા. પૃ.૩૧૮

૩ વ્યક્તિગત આત્માનું..... પરાત્પર તત્ત્વ અને વિશ્વરૂપ આત્માના અંશ તરીકે વર્ણન કરવામાં આવે છે. પૃ.૩૧૯

૪ કેન્દ્રસ્થ સ્વરૂપ (જીવાત્મા) અને આત્મા (ચૈત્યપુરુષ)..... તેઓ બન્ને એક જ તત્ત્વનાં બે પાસાંઓ છે. પૃ.૩૧૯

૫ વિશ્વરૂપ આત્મતત્ત્વ - તે પરમાત્માનો અંશ નહીં પરંતુ પરમાત્માનું એક સ્વરૂપ છે. પૃ.૩૧૯

૬ આત્મા મૂળભૂત સ્વરૂપે પરમાત્મા પોતે જ છે. પૃ.૩૧૯

૭ પરમાત્મા આત્મા (જીવાત્મા) કરતાં વિશેષ હોય છે. તે પ્રકૃતિ પણ હોય છે અને પોતાની અંદર સર્વ વસ્તુઓને ધારણ કરે છે. પૃ.૩૨૦

૮ સક્રિય સાક્ષાત્કાર પ્રાપ્ત કરવા માટે પુરુષને પ્રકૃતિની ગુલામીમાંથી છોડાવવો એટલું પૂરતું નથી..... નિમ્ન પ્રકૃતિ સાથેના..... સહયોગને બદલે પરમ દિવ્ય શક્તિ મા ભગવતી સાથે તેણે સંબંધ સ્થાપન કરવાનો છે. પૃ.૩૨૦

૯ પ્રકૃતિની યાંત્રિકતા એ દિવ્ય ભગવતી મા નથી. પૃ.૩૧૯

૧૦ અધ્યાત્મિક વિકાસ સાધીને તે (માનવ) પરાપ્રકૃત-વિશે સભાન બને છે અને તેના સંપર્કમાં આવવા.... તેમાં અરોહણ કરી શકે છે..... (તે) નિમ્ન પ્રકૃતિમાં રૂપાંતર સાધી શકે છે. પૃ.૩૨૧

યોગિક અનુભૂતિમાં પરમાત્મ તત્ત્વ જ સર્વ આવિર્ભાવોનો આધાર અને મૂળસ્રોત અનુભવાય છે. આપણી વ્યક્તિગત ચેતના (જીવાત્મા) પણ પ્રભુના અંશ તરીકે જ અનુભવાય છે. આ એક માત્ર તત્ત્વ આવિર્ભાવની પ્રક્રિયામાં બે સ્વરૂપે વિભાજીત થાય છે. આર્વિભાવની પ્રક્રિયા સમગ્ર પરમાત્મ-તત્ત્વમાં ચાલતી નથી પણ તેના એક અંશમાં મર્યાદિત ક્ષેત્રમાં જ ચાલતી હોય છે. અમર્યાદ, અસીમ પરમાત્મ તત્ત્વ તો આવિર્ભાવની પ્રક્રિયાથી અસ્પર્શ્ય જ રહે છે. આમ પરમાત્મતત્ત્વ જ બે સ્વરૂપે જાણે વિભાજીત થાય છે. આવિર્ભાવની પ્રક્રિયામાં સામેલ થઈ જગરૂપ બનવા પ્રવૃત્ત થએલ આત્મતત્ત્વ અને આવિર્ભાવ પ્રક્રિયાથી અલગ રહી તેને સાક્ષીભૂત થઈ જોતું અનુભવતું આત્મતત્ત્વ. પ્રથમ પાસાને પ્રકૃતિ કહેવાય છે. બીજા પાસાને પુરુષ. પ્રકૃતિ એટલે આવિર્ભાવની કૃતિમાં પ્રક્રિયામાં મુકાએલ આત્મતત્ત્વનો અંશ (પ્ર+કૃતિ) પુરુષ એટલે આ આવિર્ભાવની પ્રક્રિયાથી ઘેરાએલો હોવા છતાં (પુરમ્) તેથી અલિપ્ત રહેતું આત્મતત્ત્વ (પુરં શેતે ઈતિ પુરુષઃ)

અંતિમ સાક્ષાત્કારમાં ફરી આ બન્ને વિભાજીત પાસાં જોડાઈને એકરૂપ થઈ જાય છે, તેથી તે અવસ્થાને કૈવલ્ય (કેવલમ્ આત્માવસ્થિતિ) કહે છે.

જીવાત્મા જે પરમાત્માનો અંશ છે તેણે પ્રભુની અનંત શક્યતાઓ પૈકી એક શક્યતાને વાસ્તવિક કરવાનો સંકલ્પ ધારણ કરેલ હોય છે, તેને જ 'ઋતમ્' કહેવાય છે. જીવાત્મા જ ઋત-ચેતના છે. આ બીજસ્વરૂપ સત્ય (ઋતમ્)ને વાસ્તવિક સત્ય કરવા જીવાત્મા પોતાનું એક સક્રિય સ્વરૂપ દિવ્યપ્રકૃતિમાં રચે છે તે છે ચૈત્યપુરુષ. દિવ્યપ્રકૃતિનું જ આપણું દિવ્ય-ચિત્ત બનેલું હોય છે, જેને ઉપનિષદો 'હૃદય' કહે છે. ત્યાં આ સક્રિય ચૈત્યપુરુષ રહે છે. તેને જીવાત્માએ ધારણ કરેલા ઋતમ્માંથી પ્રેરણાઓ મળતી હોય છે. તેને અનુસરી તે પોતાની અભીપ્સા અર્થાત્ તેવા થવાની શ્રદ્ધા સેવતો હોય છે, તેથી આ ચૈત્યપુરુષને શ્રદ્ધામય પુરુષ કહ્યો છે (શ્રદ્ધામયો યં પુરુષઃ) આવા શ્રદ્ધામય આત્મતત્ત્વને જ ચૈતસિક તત્ત્વ કહેવાય છે. આત્મતત્ત્વમાં સંકલ્પ ન પણ હોય. જીવાત્મામાં સંકલ્પ હજી સુપ્ત હોય છે. પણ સંકલ્પયુક્ત અને સક્રિય બનેલું આત્મતત્ત્વ એટલે જ ચૈતસિકતત્ત્વ. તે સક્રિય આત્મા અને દિવ્ય-પ્રકૃતિનું બનેલું સંયુક્ત સ્વરૂપ છે.

આને વ્યક્તિનું મૂળ-સ્વરૂપ કહેવાય છે. તે એક જ છે પણ પ્રકૃતિનાં વિવિધ સ્તરે વિવિધ પુરુષોનું સ્વરૂપ ધારણ કરે છે અને જે તે સ્તરનું યથાશક્તિ સંચાલન કરે છે. મનોમય સ્તરે મનોમયપુરુષ, પ્રાણમય સ્તરે પ્રાણમયપુરુષ, પાર્થિવ સ્તરે પાર્થિવપુરુષ તરીકે તે કાર્ય કરે છે. તૈતરીય ઉપનિષદમાં મનોમય પુરુષના ઉપરના બે પુરુષોનો ઉલ્લેખ છે. વિજ્ઞાનમય સ્તરે વિજ્ઞાનમય પુરુષ અને આનંદમય સ્તરે આનંદમય પુરુષ. આ બન્ને પુરુષોનો સીધેસીધો પ્રભાવ હજી નીચલા સ્તરે પડતો નથી, કારણ નિમ્ન સ્તરની પ્રકૃતિ હજી તેમની પ્રેરણા ધારણ કરવા માટે તેટલી વિકસિત પણ નથી અને સંઘટિત પણ નથી.

આ બધા પુરુષો પોતપોતાના સ્તરની પ્રકૃતિ સાથે એકરૂપ થઈ ગએલાં છે અને તેથી

પોતાનો મૂળ દિવ્ય-સ્વભાવ ભૂલી ગયાં છે. તેથી જ્યારે કોઈ આમતત્ત્વ બાબતમાં સભાન બને છે ત્યારે તેને આત્મતત્ત્વ પોતાના સ્વરૂપથી ખૂબ જ ઊર્ધ્વમાં અને તદ્દન જુદા સ્વરૂપનો લાગે છે. આ આત્મતત્ત્વ પરમામતત્ત્વથી સૈદ્ધાંતિક રીતે જુદો છે. આત્મતત્ત્વ જેને પુરુષ કહેવાય છે તે પ્રકૃતિથી ભિન્ન ગણાય છે. પણ પરમાત્મતત્ત્વમાં પુરુષ અને પ્રકૃતિ બન્ને એકરૂપ થઈ કૈવલ્ય પ્રાપ્ત કરી લે છે.

આત્મતત્ત્વનાં બે પ્રકારનાં સાક્ષાત્કાર હોય છે. સક્રિય અને નિષ્ક્રિય. નિષ્ક્રિય સાક્ષાત્કારમાં આત્મતત્ત્વ પ્રકૃતિથી અલગ અને અલિપ્ત થઈ જાય છે. પણ સક્રિય સાક્ષાકારમાં ફક્ત પ્રકૃતિની ગુલામીમાંથી મુક્ત થવાની વાત નથી પણ પોતાની પ્રકૃતિને દિવ્ય-કરવાની વધારાની વાત છે. તે માટે આત્મતત્ત્વ પોતાની દિવ્યપ્રકૃતિની શક્તિઓને નીચે અવતરણ કરાવે અને અપરા પ્રકૃતિને દિવ્ય કરે છે. આ રીતે મા ભગવતી સાથે પણ સંબંધ સ્થાપે છે.

અપારાપ્રકૃતિ અર્થાત્ અશુદ્ધ પ્રકૃતિ અવચેતન અને અચેતનના પ્રભાવ નીચે આવી પોતાની પોતામાં એક પ્રકારની યાંત્રિકતા, જડતા નિર્માણ કરે છે, જેને તમસ કહે છે.

જ્યારે આત્મતત્ત્વ પોતાનાં શુદ્ધ, અસીમ, પ્રકાશમય, આનંદમય ચેતનામાં આત્મરત બનીને રહેતા શીખે છે ત્યારે તે પ્રકૃતિની યાંત્રિકતાથી મુક્તિ  મેળવતો જાય છે. તેમાં શાંતિ, સ્થિરતા, નિરવતા, નિર્લેપતા અને એક શાંતગૂઢ આંતરિક આનંદ પ્રગટ થાય છે.

પણ આ પ્રક્રિયામાં દિવ્ય-શક્તિઓનું સંકલ્પબળે પરાણે નીચે પ્રમાણે અવતરણ કરવાથી ગેરફાયદો જ થાય છે, જે નીચે મુજબનાં હોય છે :

(૧) અશુદ્ધ પ્રકૃતિ પ્રત્યાઘાત તરીકે પોતાની નબળાઈઓને ઉગ્ર બનાવી સાધનામાં અવરોધો રચે છે.

(૨) અપરાપ્રકૃતિ કચડાઈને નિર્માલ્ય, સ્તબ્ધ બની નિષ્ક્રિય બની જાય છે, પણ એ રીતે પોતાનાં રૂપાંતરનો મૂક વિરોધ કરે છે.

(૩) સાધક ભ્રમ, ભ્રાંતિનો શિકાર બની અજાણતા અહંકારને પોષે છે અને પોતાને અવતાર, મહાનયોગી માનવા લાગે છે.

(૪) અવચેતન અને અચેતન પોતાનાં નવાં સ્વરૂપો તૈયાર કરી પ્રગટ થાય છે, જે સાધકને ઓળખવા મુશ્કેલ જાય છે.

આ બધાનાં ગંભીર પરિણામ થવાની શક્યતા છે. સાધકની શુદ્ધ સાધના ગેરમાર્ગે વળી જવાની પૂરેપૂરી શક્યતા બની રહે છે.

પ્રકૃતિનું સાચું, સ્વસ્થ, સર્વાંગી રૂપાંતર કરવા દિવ્ય-શક્તિઓનું સહજ અવતરણ અને અપરા પ્રકૃતિનું રૂપાંતર મુજબ ઊર્ધ્વારોહણ આ બન્ને પ્રક્રિયા સહજ રીતે પાર પાડવી જરૂરી છે.

તેથી પૂર્ણયોગમાં રૂપાંતરની અભીપ્સા સેવો અને પ્રભુને, જગન્માતાને પોતાની રીતે આપણા સ્વરૂપમાં કાર્ય કરવા દો આ માર્ગ જ પ્રસસ્ત ગણ્યો છે.

# ભારતીય સંસ્કૃતિના પાયા

- શ્રી અરવિંદ

**અવતરણો**
(પૃ.૩૨૧-૩૩૪)

૧ આ (સાહિત્યની) અવનતિ મૃત્યુ તરફની નથી. ..... કંઈક અંશે કાયાકલ્પ થાય છે..... નવો ઉપક્રમ.... શરૂ થાય છે..... નવા મંડાણનું માધ્યમ સંસ્કૃત ભાષા નથી પણ તેમાંથી વ્યુત્પન્ન થતી ભાષાઓ છે. પૃ.૩૨૧

૨ પાલિ, જે સંસ્કૃતની સફળ પ્રતિસ્પર્ધી બની. પૃ.૩૨૧

૩ લેખકોમાં કૌશલ અને મુક્તિનાં તત્ત્વો વધે છે..... તેમની ભાષા પ્રયાસપૂર્ણ... હોય છે. પૃ.૩૨૨

૪ પુરાણ અને તંત્રની ધાર્મિક રચનાઓ વધુ ઊંડાણમાંથી..... વધુ ગાઢ જીવંત મૂળમાંથી અનુપ્રાણિત થતી હોવાથી..... મહાકાવ્યોની પરંપરાને થોડા સમયને માટે લંબાવે છે. પૃ.૩૨૨

૫ સંસ્કૃતનાં માનસનાં કેન્દ્રમાં એક મોટો ફેરફાર થાય છે..... જીવન અને વિચારણાના સઘળા વિભાગોમાં શાસ્ત્રોનું તીવ્ર અનુશાસન..... તેજસ્વી હોય રુચિકર હોય તેનો ઉપભોગ, બુદ્ધિશક્તિ..... ના વર્તુળમાં જે કાંઈ આણી શકાય તે સૌનું..... પદ્ધતિકરણ..... ભારતીય સંસ્કૃતિની અત્યંત ગૌરવપૂર્ણ બહુમૂલી અને પ્રભાવશાળી સહસ્રાબ્દી હતી. પૃ.૩૨૨

૬ સંસ્કૃતિનાં પગલાં એક બૃહદ્ પરંપરાની વિસ્તૃતિ અને સંતોષપ્રદ સહીસલામતી પ્રત્યે ગતિમાન થઈ રહ્યાં છે. પૃ.૩૨૩

૭ આ યુગના અગ્રગણ્ય કવિ કાલિદાસ છે. પૃ.૩૨૪

૮ ભારવિ અને માઘનાં સાહિત્યક મહાકાવ્યો અવનતિના કાળના દ્યોતક છે. ૩૨૯

૯ આ સમયમાં..... જે ખાસ નોંધપાત્ર વળાંક લેવાયો તે છે સુભાષિતોનું સર્જન **(gnomic verse)** પૃ.૩૩૧

૧૦ નાટકો ઘણે અંશે તે સમયે જે સૌથી શિક્ષિત જીવન હતું તેનાં પ્રતિરૂપો છે. પૃ૩૩૨

૧૧ ભારત આધિભૌતિક અને ધાર્મિક સ્વપ્નોમાં ગુમ થઈ ગયો હતો. ૩૩૪

# પંડિતોની કઠોર સાહિત્યપરંપરા

પ્રકરણ - ૧૩

**સમજૂતી** - માનસિંહ ચાવડા

વેદો, ઉપનિષદો, સ્મૃતિઓ, તંત્રો, મહાકાવ્યો, ધર્મશાસ્ત્રો સંસ્કૃત ભાષામાં જ લખાયેલાં છે. આ ભાષાનો અસ્તકાળ જાણે પાસે આવી જાય છે. તેમાંથી નિર્માણ થએલી પાલિ, માગધી ભાષાનાં સાહિત્ય - સર્જનોનો હવે નવો તબક્કો શરૂ થાય છે.

સંસ્કૃતના નૈસર્ગિક લાવણ્યનો, સહજતાનો ભાષાવૈભવને સ્થાને પંડિતોનો અલંકારો, સંધિ વગેરેનાં કારણે તેને પ્રયાસપૂર્વક જાણે અઘરી કરી મૂકવામાં આવે છે. લોકોને તે દુર્બોધ લાગવા માંડે છે. તેથી ભારતીય આધ્યાત્મિક આત્મા પોતાની નવી સરવાણી શોધી કાઢે છે. તે છે પાલિ ભાષાની. આ જ સરવાણી પછી તો વિવિધ ભાષા સ્વરૂપે સાહિત્યસર્જન આજ સુધી કરતી રહી છે. સંસ્કૃતનો પાતળો પ્રવાહ ચાલુ રહે છે પણ તેમાં પ્રથમ સંસ્કૃતમાં હતો તે તપ અને સંયમનો પ્રભાવ ધીમે ધીમે ઘટતો જાય છે અને વૈભવ, વિલાસ, ફક્ત સૌંદર્યભાવને અગ્રતાક્રમ આપવામાં આવે છે. તેમાં કવિનો કલ્પનાવિલાસ જરૂર છે, પણ સત્ય માટેનો સંઘર્ષ નથી. શાકુંતલ, મેઘદૂતમ્, દશ કુમાર ચરિતમ્ આ પશ્ચાત-પ્રવાહની નિપજ છે. અદ્ભુતતા લાવી રસ જાળવવાનો પ્રયત્ન થયો છે.

જાણે ભારતીય - સંસ્કૃતિએ નિશ્ચિત પ્રગતિ કરીને હવે પોરો ખાવા બેઠી છે એવું લાગે છે. મેળવ્યું છે તેની કૃતાર્થતા છે પણ આગળ વધવાની જાણે હવે જરાય ઉતાવળ નથી.

હવે જીવનની વિવિધતાનો મૂળ એક જ સ્રોત ભૂલાઈ જવાય છે અને વિવિધતાને જાણે નૈસર્ગિક માની તેમને બૌદ્ધિક રીતે સંઘટિત કરવાનો પ્રયત્ન શરૂ થાય છે. આ પ્રકાર વધારે કૃત્રિમ લાગે છે. બૌદ્ધિક તર્કયુક્ત લાગે છે પણ શુષ્ક લાગે છે.

આ યુગના અગ્રગણ્ય કવિ એટલે કાલિદાસ. સાહિત્ય વધારે રાજ્યશ્રિત બનેલું લાગે છે અને તેનો ઉપભોગ પણ સમાજનાં ઉચ્ચભ્રૂ લોકો માટે જ જાણે બની રહે છે. કવિતાઓ માટે કઠોર-પરંપરા અને નિયમો ઘડાય છે. વાક્ચાતુર્યને મહત્ત્વ અપાય છે. તેની કદર થાય છે. વર્તનમાં દરબારી રીતરિવાજોના નિશ્ચિત નિયમો દેખાય છે.

જીવન સહજ ન લાગતા ભવ્ય પરંપરાના અવશેષરૂપ લાગે છે. અભિરુચિઓ ખૂબ સુસંસ્કૃત બની જાય છે જે જનસમાજને સમજવી અઘરી લાગે છે. આ અર્થમાં કાવ્યશાસ્ત્ર, નાટ્યશાસ્ત્ર તરીકે કાલિદાસ પરમ્મોચ્ચ સ્થાને બિરાજે છે. તે મિલ્ટન અને વર્જીલની હરોળમાં જઈ બેસે છે. તેથી પણ વિશેષ તેના સુકુમાર મૃદુભાવોની અભિવ્યક્તિ મિલ્ટન કે વર્જીન કરતાં પણ ઉત્તમ કોટિની બની જાય છે. વિલાસને સંયમમાં અને પરંપરામાં ઢાળવામાં કાલિદાસ યશસ્વી થતો દેખાય છે. લગભગ બધાં જ સાહિત્યનો વિષય હવે પ્રણય બની જાય છે. તેને નૈસર્ગિક વિવિધ પાર્શ્વભૂમિમાં અર્થાત્, આશ્રમ, રાજમહેલ, મુક્ત નિસર્ગ અને પ્રાણીઓ વચ્ચે ખેલાતો વર્ણવવામાં આવે છે. આ પ્રણય સાથે દેવો અને માનવો વચ્ચેના સંબંધો અને કાર્યોનો પણ ઉલ્લેખ થાય છે. વ્રતો, ઉત્સવો, ઋતુઓ વગેરેનો પણ પ્રસંગોપાત્ ઉપયોગ કરી લેવામાં આવે છે. કાલિદાસ સુંદરતાના પૂજારી જરૂર હતા, પણ તેમાં ફક્ત શારીરિક જ નહીં પણ મન, હ્રદય, સંસ્કૃતિ, આદર્શ અને નીતિમત્તાને પણ સૌંદર્યના ઘટક માનવામાં આવેલાં છે. રઘુવંશ કાવ્યમાં વર્ણન રઘુવંશનું હોવા છતાં તેમની દ્વારા સંસ્કૃતિનાં જ દર્શન કરાવવાનો કાલિદાસ પ્રયત્ન કરે છે. મેઘદૂતમ્માં આ સંસ્કૃતિદર્શન કરતાં નિસર્ગવર્ણન અને પ્રેમ અને વિરહની ભાવનાઓની રમ્યતા દર્શાવવાનો પ્રયત્ન વધારે છે.

બાણ, ભારવિ અને માઘનાં કાવ્યો અને નાટકો (હર્ષચરિતમ્)એ સંસ્કૃતના અધઃપતનના કાળનાં કાવ્યો છે. તેમાં સરળતા કરતાં કિલષ્ટતા એ વિષય જ તેમાં પણ મુખ્ય છે.

આ કાળનું લોકભોગ્ય સાહિત્યમાં સુભાષિતો (gnomic verse) મેદાન મારી જાય છે. સંક્ષેપમાં ચોટદાર અભિવ્યક્તિ અને તેની દ્વારા સમાજને નૈતિક કે સુસંસ્કૃત જીવનની પ્રેરણા એ જ તેની વિશેષતા છે.

જોનરાજનનો કાશ્મીરનો ઇતિહાસ, જાતક કથા, પંચતંત્ર, કથા સરિત્સાગર, હિતોપદેશ, આ બધાં લોક-શિક્ષણ અને જન-કેળવણીનાં ઉત્તમ સાધનો બની ગયાં છે.

હવે ભારતે વિજીગિષુ ભાવ જાણે ત્યાગી દીધો હતો. પુરાતન પરંપરા બોજારૂપ ભારેખમ અને દુર્બોધ બની ગઈ હતી. ભારતનો પ્રેરણા સ્રોત જાણે સુકાઈ ગયો હતો.

# યોગમાર્ગોનો સમન્વય

- શ્રી અરવિન્દ

**અવતરણો** - (ભૂમિકા - પૃ.૪૭-૫૧)

૧ મુખ્ય યોગમાર્ગોએ આપણી (માનવની) સંકુલ જાતના કોઈ એક કે બીજા ભાગને ધ્યાનમાં લઈને પોતાની ક્રિયાઓ તેની ઉપર કેન્દ્રિત કરેલી છે. પૃ.૪૭

૨ બધા યોગમાર્ગોને જેવા છે તેવાને જ ભેગા કરીએ તો તે સમન્વય નહિ પણ ખીચડો જ થઈ જાય. પૃ.૪૭

૩ સમન્વય માટે સાધનાનાં બાહ્ય સ્વરૂપો જતાં કરવાં પડશે. પૃ.૪૮

૪ આજે ભારતમાં એક એવી .... પદ્ધતિ હયાત છે જે પોતાની શરૂઆત કરે છે (સમગ્ર) પ્રકૃતિનાં કેન્દ્રિય સિદ્ધાંતમાંથી..... તેનો માર્ગ સમન્વયના જેવો છે..... એ છે તંત્રની સાધના. પૃ.૪૯

૫ જે તંત્રમાર્ગ વૈદિક યોગપદ્ધતિઓથી સ્પષ્ટ રીતે જુદો પડે છે.....(વૈદિક યોગમાર્ગો) તે બધાનાં જ મૂળ વેદાંતની ઉપર રચાએલાં છે. પૃ.૪૯

૬ તંત્રનો મુખ્ય સિદ્ધાંત : સર્વ સિદ્ધાંતોનું એકમાત્ર સાધન : શક્તિ - શક્તિની આરાધના. પૃ.૫૦

૭ શરૂઆત તો નિમ્નમાંથી જ કોઈક જગ્યાએથી કરવી પડશે અને દરેક યોગમાર્ગ એ જ કરે છે. પૃ.૫૧

૮ આપણે જે પદ્ધતિ અખત્યાર કરવી પડશે તે આપણી આખી જ સચેતન જાતનો પ્રભુ સાથે સંબંધ જોડવો. પૃ.૫૨

૯ ઊર્ધ્વપ્રકૃતિ જ્યારે નિમ્ન પ્રકૃતિ ઉપર સમગ્ર રીતે કાર્ય કરે છે ત્યારે..... ત્રણ વિશિષ્ટતાઓ નજરે ચડે છે: (૧) કોઈ એક જ નિશ્ચિત પદ્ધતિ કે ક્રમ નથી. (૨) ઊર્ધ્વ પ્રકૃતિની કાર્યપદ્ધતિ સર્વગ્રાહી છે (૩) દિવ્ય-શક્તિ.... સમગ્ર જીવનનો ઉપયોગ કરે છે. પૃ.૫૩-૫૪

૧૦ જેવી પૂર્ણ પદ્ધતિ તેવી જ પૂર્ણ સિદ્ધિ. પૃ.૫૪

૧૧ પૂર્ણતા એટલે મન, પ્રાણ અને શરીરની પૂર્ણતા.પૃ.૫૬

## ભૂમિકા - સમન્વય

**સમજૂતી** - માનસિંહ ચાવડા

આપણા સ્વરૂપમાંથી સુપ્ત અને ગુપ્ત શક્તિઓને ખીલવવી એ યોગનો હેતુ છે. પ્રમુખ યોગમાર્ગોએ તે ગુપ્ત-શક્તિઓ પૈકી એકને ખીલવવા નિશ્ચિત યોગ-પ્રક્રિયાઓ

વિકસાવી છે. આ બધા જ યોગમોર્ગોનો વિશાળ દૃષ્ટિથી સમન્વય સાધી શકીએ તો પૂર્ણયોગનો ખ્યાલ આપણે મેળવી શકશું. આ કામ સહેલું તો નથી જ. તેનાં ચાર કારણો છે : (૧) આ પદ્ધતિઓને સદીઓથી પરસ્પરવિરોધી તરીકે જ રજૂ કરી છે. (૨) તેમની યોગ-પ્રક્રિયાઓ ને શુદ્ધ વિગતોમાં અનેક મલિનતાઓ પ્રવેશી ગઈ છે. (૩) બધી જ યોગ-પ્રણાલીનો જાણકાર મેળવવો મુશ્કેલ છે (૪) મર્યાદિત માનવક્ષમતા અને ટૂંકી જિંદગીમાં બધાનાં સમન્વય સ્વરૂપ પૂર્ણયોગને અનુસરવો અઘરો છે કારણ એક એક યોગ પ્રણાલી પણ સમગ્ર જીવન માગી લે છે.

ભૂતકાળમાં અમુક યોગીઓએ હઠયોગ અને રાજયોગનો સમન્વય કરી દેખાડ્યો છે. ગીતામાં ત્રિવિધ યોગોનો સુરેખ સમન્વય કર્યો છે. આવા અનુભવો અને પ્રયત્નો આપણને મદદરૂપ નીવડી શકે છે. રામકૃષ્ણનો વિવિધ ધર્મોની સાધના પદ્ધતિઓનો સમન્વય આનો ઉત્તમ દાખલો છે. બધા જ ધર્મો પ્રભુપ્રાપ્તિના વિવિધ માર્ગો છે અને બધા જ સાચા છે એ તેમનો અનુભવ હતો. પ્રભુ પ્રાપ્તિ ત્રિવિધ રીતે પ્રાપ્ત થાય છે :

(૧) પ્રેમબળે આપણી આધ્યાત્મિકતાને જાગૃત કરી આંતરજ્ઞાનને સહજ રીતે વહેતું કરીને. તેમાં કોઈ પદ્ધતિને મહત્વ અપાતું નથી.

(૨) બધા જ સંપ્રદાયો એક જ સત્યના વિવિધ પાસાંઓનાં આંશિક સાક્ષાત્કાર કરાવે છે. એવી શ્રદ્ધા સાથે જરૂરિયાત મુજબ વાપરવા.

(૩) પ્રભુને જાણવા, પ્રભુરૂપ થવું, અને પ્રભુમય બની રહેવું એ જ કેન્દ્રિય જરૂરિયાત છે. તેની અભિવ્યક્તિ જે કોઈ સ્વરૂપે પ્રભુએ ધારી હશે એ રીતે થવા દેવી. તેનું આયોજન જાતે ન કરવું.

તેથી બધી જ યોગપ્રણાલીઓનો ક્રમશઃ અભ્યાસ કરવો એ યોગ્ય માર્ગ નહીં ગણાય, પણ બધી જ યોગપ્રણાલીઓનો અભ્યાસ કરી તેમાંનાં સર્વસામાન્ય સિદ્ધાંતો તારવી તેને આત્મસાક્ષાત્કારના કેન્દ્રિય હેતુ ફરતે વ્યવહારુ રીતે ગોઠવીને જ તે સધાશે.

પણ તે માટે -

(૧) વિશિષ્ટ યોગપ્રણાલીની વિશિષ્ટ પદ્ધતિનો દુરાગ્રહ ત્યાગવો પડશે.

(૨) દરેક પ્રણાલીના કેન્દ્રિય સત્યને યોગ્ય સ્થાને ગોઠવવું પડશે.

(૩) દરેક યોગપ્રણાલીનો જરૂરી ભાગ યોગ્ય માત્રામાં જ સ્વીકારવો પડશે.

ભારતમાંની તંત્રશાસ્ત્રની સાધનાએ પોતાની રીતે સમન્વય કર્યો છે પણ પોતે જ એક યોગસાધના પદ્ધતિરૂપે ખપી ગઈ છે. તેમાં વળી વામમાર્ગ જે પાપપુણ્યની માનવી કલ્પનાઓને સ્વીકારતો નથી, તેથી સમાજને અમાન્ય પદ્ધતિથી તંત્રમાર્ગ વગોવાઈ ગયો છે. તંત્રમાર્ગના સિદ્ધાંતો સાચા જ છે. તેમનાં દક્ષિણ અને વામમાર્ગના ભેદ ઉપરથી આ વસ્તુ સમજાશે.

(૧) આપણે પ્રકૃતિની ગુપ્તશક્તિઓનો વ્યક્તિશઃ વિકાસ કરી તેમને સમાજમાન્ય રીતે વિવેકથી પ્રગટ કરવી એ દક્ષિણમાર્ગ છે.

(૨) આત્માના દિવ્યાનંદને જ મહત્ત્વ આપી તેના પ્રગટીકરણને મુક્ત રીતે પ્રગટ થવા દેવો એ વામમાર્ગ છે. સૈદ્ધાંતિક રીતે આ સત્ય જ છે, પણ તંત્રમાર્ગમાં પ્રવેશેલી વિકૃતિઓએ તેને બદનામ કર્યો છે.

તંત્રમાર્ગ વૈદિક યોગપદ્ધતિઓથી મૂળભૂત રીતે જુદો પડે છે. હઠયોગ, રાજયોગ અને ત્રિવિધયોગો સ્પષ્ટ રીતે વૈદિક પરંપરા ઉપર આધારિત છે. બધાં જ જ્ઞાનસ્વરૂપ, શુદ્ધ અસ્તિત્ત્વ સ્વરૂપ આત્મતત્ત્વને માને છે. તે જ પ્રકૃતિનો સ્વામી છે અને તેનું સંચાલન કરે છે એમ મનાય છે. આમાં આત્મતત્ત્વ ઉપર ભાર છે.

તાંત્રિક માર્ગમાં ઊલટું પ્રકૃતિ અને તેની શક્તિઓ ઉપર ભાર આપવામાં આવે છે. આત્મતત્ત્વને નિષ્ક્રિય સાક્ષીભૂત તરીકે જ ગણવામાં આવે છે, વળી તે આત્માના જ્ઞાનના પાસા કરતાં આનંદ પાસા ઉપર ભાર મૂકવામાં આવે છે. પ્રકૃતિની શક્તિને પ્રાધાન્ય અપાય છે. પ્રકૃતિનાં પરિબળોને વીરભાવથી લડીને સંયમિત કરવાની પદ્ધતિ માન્ય રખાઈ છે.

પણ તંત્રના સિદ્ધાંતો લુપ્ત થઈ ગયાં અને વિકૃત કર્મકાંડ રહી ગયું. તંત્રમાર્ગ શક્તિ ઉપાસનાનો માર્ગ છે. તે પ્રકૃતિની ઉપાસના છે. વેદાંત પુરુષની ઉપાસના છે. વેદાંત પ્રકૃતિને માયા સ્વરૂપ ગણી તેમાંથી મુક્તિ માંગે છે. તંત્ર પ્રકૃતિને સત્ય માની તેના સ્વામી થવાનો આગ્રહ રાખે છે.

છતાં આ બન્ને મુખ્ય યોગ-પ્રણાલીઓમાં સમન્વય થવો શક્ય છે. પુરુષ સ્વયંભૂ-સત્ છે. પ્રકૃતિ સ્વયંભૂ ચિત્ છે. બન્નેના સંયોગથી આનંદ પ્રગટે છે. પ્રકૃતિ સર્જન કરે છે પુરુષ જાણે છે. શક્તિ જ્યારે પરમાનંદમાં મગ્ન હોય છે ત્યારે તે નિવૃત્તિ સ્વરૂપ બને છે. જ્યારે સક્રિય બને છે ત્યારે પ્રવૃત્તિ સ્વરૂપ બને છે. સર્જનનો આનંદ એ તેનું ધ્યેય છે, આ જગત આનંદમાંથી રચાયું છે અને આનંદમાં જ વિલીન થશે. પુરુષ પોતાના સંકલ્પ બળે પોતામાં રહેલ શક્યતાઓમાંથી સર્જન કરે છે. તે સર્જન દ્વારા જ આનંદ પ્રગટ થાય છે. આવી રીતે આનંદને પ્રગટ કરનાર સર્જનને જ વિજ્ઞાન કહેવાય છે. તે ઋત સ્વરૂપ હોય છે. બીજ સ્વરૂપ હોય છે. તેમાં તપસ શક્તિનો અંશ છે જે સંકલ્પશક્તિ કહેવાય છે, જેની મદદથી તે ઋત પોતાનાં સત્યો અને સામર્થ્યને પ્રગટ કરે છે. સંકલ્પશક્તિનું સામર્થ્ય એ જ શક્તિસ્વરૂપ છે, જ્ઞાનસ્વરૂપ છે અને તેમાંથી જન્મતી શ્રદ્ધા એ સત્ય સ્વરૂપ છે. શ્રદ્ધા જ સત્યનો ઘાટ રચે છે ''યો યત્ શ્રદ્ધઃ સ એવ સઃ'' આ જ શ્રદ્ધાની સર્જનશક્તિ દર્શાવે છે. (ક્રમશઃ)

# અરવિન્દોપનિષદ

- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## પુરુષ આનંદમય જ છે.

**સાનંદ હસતિ જીવઃ । સાનંદં ક્રંદતિ અશ્રુણિ મુંચતિ । તમોમય આનંદે ભાસમાન ઈવ યાતનાભિઃ ચેષ્ટમાનઃ સાનંદં સ્ફુરતિ । સાનંદં સ્ફુરતિ ચેષ્ટમાનઃ પ્રચંડાભિઃ રતિભિઃ । પૂર્ણ ભોગાર્થમ્ । તસ્યા આનંદસ્ય તામસસ્યાંશસ્ય તામસો ભૂત્વા આનંદં ગોપયતિ ।**

જીવ તો આનંદથી જ હસે છે. આનંદથી જ રડે છે અને આંસુ સારે છે. તમસના પ્રભાવને લીધે થએલી યાતનાઓના વર્તનમાં પણ જાણે આનંદ જ છે એમ દર્શાવી આનંદમાં જ ખીલે છે અને તીવ્રતમ પ્રેમ અને અનુરાગના વર્તનમાં પણ ખીલે જ છે. તે જ આનંદનાં તમસમાં રહેલ આનંદનો અંશને ભોગવવા પોતે તામસીરૂપ ધારણ કરીને આનંદને છુપાવી રાખે છે, અવ્યક્ત કરી રાખે છે.

આજે જે અનુભવ યાતનાપૂર્ણ અને દુઃખદ, દુર્ભાગ્યપૂર્ણ લાગે છે તે જ પ્રસંગને અનેક વર્ષો પછી યાદ કરતાં તેમાંથી આનંદ પ્રગટ થતો હોય છે. માતાનો માર તે વખતે દુઃખ અને અપમાનકારક લાગે છે પણ તે જ પ્રસંગની સ્મૃતિ ઘડપણમાં આવતા માતાની મધુર સ્મૃતિ બની જાય છે. બન્નેમાં તફાવત શું છે ? તફાવત એ જ છે કે પહેલા પ્રસંગમાં આનંદ ત્યાં હોવા છતાં તે અવ્યક્ત રહેવાથી જ તે સમયે તે પ્રસંગ દુઃખરૂપ લાગે છે. તેની જ વર્ષો બાદની સ્મૃતિમાં તે પ્રસંગમાં રહેલો આનંદ પ્રગટ થાય છે અને તેથી તે સ્મૃતિ આનંદદાયક બની જાય છે.

આ રહી દુઃખપૂર્ણ ઘટનાઓ બાબતની વાત. તેથી એમ કહી શકાય કે જીવ રોતો હોય છે, આંસુ સારતો હોય છે, ત્યારે પણ ગુપ્ત આનંદ તો ભોગવતો જ હોય છે.

હવે વાત છે સુખદ પ્રસંગની. સુખદ પ્રસંગમાં આનંદ પ્રથમથી જ વ્યક્ત સ્વરૂપે રહે છે અને તેની સ્મૃતિ વખતે પણ તે આનંદ વ્યક્ત જ રહે છે, તેથી બન્ને પ્રસંગે તે વ્યક્ત આનંદ ભોગવતો હોય છે એટલું જ.

સારાંશ જીવ સદા આનંદ જ ભોગવતો હોય છે. તે આનંદ કદાચિત વ્યક્ત અથવા અવ્યક્ત હોઈ શકે છે.

આનંદ જ્યારે તમોગુણથી આચ્છાદિત હોય છે ત્યારે તે અવ્યકત રહે છે. જ્યારે સત્ત્વગુણથી આચ્છાદિત હોય છે ત્યારે તે પ્રગટ બને છે, વ્યક્ત થાય છે.

આનંદ તો સદાસર્વદા હાજર જ છે. તે ત્રિગુણોનાં પ્રભાવને કારણે વ્યક્ત કે અવ્યક્ત બની સુખ કે દુઃખ તરીકે અનુભવાય છે. જો સાધક ત્રિગુણોથી પર ચાલ્યો જાય, ત્રિગુણાતીત બની જાય, તો તેનો આનંદ સદા વ્યક્ત સ્વરૂપે જ રહે, અવ્યક્ત થાય જ નહીં અને તેથી તે સુખરૂપ જ લાગે.

પૃથ્વી ઉપર હજી ચેતનાની ઉત્ક્રાંતિ ચાલી રહી છે. તે તમસના પ્રભાવ નીચે છે, તેથી જીવનમાંનો આનંદ પ્રગટ થતો નથી; પણ અવ્યક્ત જ રહે છે. તેથી જ ભૌતિક જીવન દુઃખદર્દ અને યાતનાપૂર્ણ લાગે છે. પણ આનો અર્થ આ જીવનનું કાયમી લક્ષણ છે તેવું નથી. ઉત્ક્રાંતિનો આ તબક્કો પસાર થયા બાદ તમસનો પ્રભાવ ઘટતો જવાનો છે અને તેથી આનંદનું પ્રમાણ વધતું જવાનું છે. આત્માના અસ્તિત્ત્વનો આનંદ ભોગવવા જ આ જગત નિર્માણ થએલ છે. આ જીવ, આ પુરુષ, આનંદમય જ છે. તેના આનંદને વ્યક્ત કરવાની ક્ષમતા તેની પ્રકૃતિ મેળવે એ જરૂરી છે. જ્યારે પ્રકૃતિ આનંદને ધારણ કરતી શીખશે ત્યારે જ અતિમનસ શરીર રચાશે. તેવું થવું એ ભાવિ ઉત્ક્રાંતિનો તબક્કો છે. હાલમાં તો શરીર તમસ અને અજ્ઞાનમાં જ સબડે છે.

# રાષ્ટ્રીય શિક્ષણ

- શ્રી અરવિન્દ

## બૌદ્ધિક કેળવણી

(રાષ્ટ્રીય કેળવણી - શ્રી અરવિંદ (પૃ.૧૨૯-૧૩૬, ૯૦-૯૩, ૬૯-૭૨)

અવતરણો - **પ્રકરણ - ૧૪**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ બૌદ્ધિક કેળવણી શારીરિક તાલીમ અને ચારિત્ર્યની રચના કરતાં વધારે મહત્ત્વની નથી, તો પણ એ બેશક વધારે વિશાળ અને વધારે કઠિન વસ્તુ તો છે જ. પૃ.૧૨૯

૨ કેળવણીના લક્ષ્ય તરીકે નોકરીઓ અને કામધંધાઓને રાખવામાં આવ્યા છે. પૃ.૧૨૯

૩ આ દેશમાં આપણે કેળવણી અને જ્ઞાનની પ્રાપ્તિ એ બેને ગૂંચવી નાંખ્યા છે. પૃ.૧૩૧

૪ આપણે માત્ર સંગ્રહ કરનારી સ્મરણશક્તિને જ કેળવતા રહ્યાં છીએ. હકીકતોનું ભંડોળ ભેગા કરતા રહ્યાં છીએ અને માનવમાં જે ત્રણ મહાન કરણરૂપ શક્તિઓ છે - તર્કશક્તિ, તુલના અને વિવેકશક્તિ, અને અભિવ્યક્તિની શક્તિ, તેમને તાલીમ આપવા પ્રત્યે બેદરકાર રહેલા છીએ. પૃ.૧૩૨

૫ આપણે જે જાણતા હોઈએ તેનો સારામાં સારો ઉપયોગ કરવો એ વસ્તુ પહેલી મહત્ત્વની છે. પૃ.૧૩૩

૬ તેઓ (વિદ્યાર્થીઓ) પોતાની શક્તિનો નવદશાંશ ભાગ આ સક્રિય માનસિક શક્તિઓને (તર્ક, તુલના, વિવેક, અભિવ્યક્તિ શક્તિઓ) કેળવવામાં જ વાપરે. પૃ.૧૩૪

૭ જ્ઞાનના વિષયને..... બે મોટા વિભાગમાં વહેંચી શકાય તેમ છે... વસ્તુઓ વિષેનું જ્ઞાન, અને મનુષ્યો વિષેનું જ્ઞાન. પૃ.૧૩૫

૮ બુદ્ધિ કલ્પનાઓ, વસ્તુદર્શન, અનુમાનોથી બનેલી છે. શુદ્ધ બુદ્ધિ એ તદ્દન જુદી વસ્તુ છે. યોગમાં જે જ્ઞાન થાય છે તે પ્રથમ ઊર્ધ્વ મનસમાંથી આવે છે. પૃ.૯૨

**૯ સાચીરીતે તર્ક કરવા માટે ત્રણ શરતો પૂરી કરવી જરૂરી છે : (૧) હકીકતો કે નિર્ણયો લઈને આરંભ કરું છું. તે ખરાં હોવા જોઈએ. (૨) સામગ્રી... સંપૂર્ણ હોવી જોઈએ, ચોક્કસ હોવી જોઈએ. (૩) બીજા કોઈ શક્ય કે અશુદ્ધ નિર્ણયો ઉપજાવી શકાય તેમ ન રહેવું જોઈએ. પૃ.૭૦**

**૧૦ વિદ્યાર્થીના મનને આપણે તર્કની ક્રિયાનો અને તેની ભૂલોનો અનુભવ કરાવવો જોઈએ. પૃ.૭૨**

કેળવણીનાં બધાં જ ક્ષેત્રોનું સમાન મહત્ત્વ હોય છે, કારણ બધાંનો વિકાસ જ અંતે ચારિત્ર્ય - નિર્માણ કરે છે. પણ લોકો આ બૌદ્ધિક કેળવણીને જ મહત્ત્વ આપે છે. કારણ બૌદ્ધિક કેળવણી અઘરી છે અને તેથી પણ મહત્ત્વનું કારણ એ છે કે તે ઉપજીવિકાનું સાધન મેળવી આપે છે. નોકરી આપે છે. કેળવણીથી ઉપજીવિકાનું સાધન તો મળવું જ જોઈએ પણ સાથેસાથે સંસ્કારિતા અને જીવન-મૂલ્યો પણ મેળવવા જરૂરી છે, કારણ તે જ ચેતનાનો વિકાસ કરવામાં મદદરૂપ થાય છે.

આપણે કેળવણીનો ઉપયોગ ઉપજીવિકા પૂરતો મર્યાદિત કરી નાખેલ છે એ સમાજને અંતે ઘાતક પુરવાર થશે પણ તેથી પણ વધારે વ્યક્તિ-વિકાસને પુરવાર થશે. કેળવણી પ્રત્યેનો આપણો ભૂલભરેલો અભિગમ આનું કારણ છે. કેળવણી એટલે ફક્ત જ્ઞાનપ્રાપ્તિ નહીં. તેમાં પણ ઉપજીવિકાને યોગ્ય એટલી જ્ઞાનપ્રાપ્તિ જ એ પણ નહીં. પણ તેમાં બે વસ્તુઓનો સમાવેશ થાય છે :

(૧) જ્ઞાનપ્રાપ્તિનાં સાધનોનો વિકાસ, જેમાં મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર અને ઈન્દ્રિયોના વિકાસનો સમાવેશ થાય છે.

(૨) તેની મદદથી જ્ઞાન પ્રાપ્ત કરવું, વિગતો મેળવવી અને તેના મૂળભૂત સિદ્ધાંતો સમજી લેવા. આમાં વિવિધ કળા, વિજ્ઞાન તથા અન્ય વિષયોનો સમાવેશ થાય છે.

(૩) તે જ્ઞાનનો ઉપયોગ જીવનમાં દરેક પાસાંને વિકસાવવામાં કરવો. વિવિધ પાસાંઓમાં ચૈતસિક, બૌદ્ધિક, માનસિક, ભાવનાત્મક અને ભૌતિક, બધાં જ પાસાંઓનો સમાવેશ થાય છે. કેળવણીનો આટલો સમગ્ર અને વિશાળ હેતુ છે.

આજની કેળવણી સ્મરણશક્તિનો વિકાસ કરે છે, વિજ્ઞાનની વિગતો આપે છે, પણ જીવનમાં કયા ઉદ્દેશ માટે તેને વાપરવી તેનું કોઈ માર્ગદર્શન આપતી નથી. તેથી જ યુવાનો દિશાશૂન્ય બની જાય છે.

આજનાં શિક્ષણમાં કાર્ય કરવાની ક્ષમતા વિકસાવતી ત્રણ શક્તિઓની કેળવણી જ રહી નથી. તે શક્તિઓ છે, સમન્વય, વિશ્લેષણ-શક્તિ, તેના આધારે કામ કરતી જીવનને દિશા આપતી વિવેક-શક્તિ. વિવેકશક્તિ જ જીવનને સુચારુ રીતે અભિવ્યક્ત

કરવાની અભિવ્યક્તિની શક્તિ આપે છે. વારસાગત રીતે આ ક્ષમતાઓ બધામાં થોડીઘણી હોય છે પણ તેમને કેળવણીથી પાસા પાડી વધારે ચમકદાર અને પરિણામકારક જરૂર કરી શકાય છે. આ શક્તિ વણવપરાએલી રહે તો કટાઈને અદૃશ્ય થઈ જાય છે. કોઈક જ પ્રતિભાશાળી વ્યક્તિ પોતાની મેળે તેમને વિકસાવી શકે છે, તેથી સાચી કેળવણીમાં સ્મરણશક્તિ કરતાં ઉપર જણાવેલી વિશ્લેષણ, સમન્વય શક્તિ, તર્કશક્તિ, વિવેકશક્તિ અને અભિવ્યક્તિ-શક્તિને કેળવવામાં પ્રાધાન્ય આપવું જરૂરી છે.

આજની કેળવણીમાં જે વિગતોનું જ્ઞાન અપાય છે, તેમને ત્રણ ભાગમાં વહેંચી શકાય છે :

(૧) ગણિતમાં સિદ્ધાંતો અને પદ્ધતિઓ. આમાં બીજગણિત, ભૂમિતિ અને અંકગણિત ત્રણે આવી જાય છે.

(૨) વસ્તુઓ વિષેનાં જ્ઞાન આપતાં વિજ્ઞાનો (Sciences) દા.ત. રસાયણ શાસ્ત્ર, ભૌતિક-શાસ્ત્ર, ભૂગોલ, શરીર-શાસ્ત્ર વગેરે.

(૩) માનવજીવન વિષેનાં જ્ઞાન આપતાં સામાજિક શાસ્ત્રો (humanities) દા.ત. સમાજશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, માનસશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, કલા, સાહિત્ય, ઇતિહાસ વગેરે.

આજની કેળવણી બધાંનું જ થોડું થોડું જ્ઞાન આપે છે પણ તેમાંથી વિદ્યાર્થીને વિવેકથી શું તારવવું એ સમજાવતા જ નથી.

બુદ્ધિની કેળવણીમાં નિર્ણય કેવી રીતે લેવો તે શીખવવામાં આવતું નથી, તેથી તે અહંકાર અને જીદ અથવા વ્યક્તિગત સ્વાર્થ કે ભીરુતાના પ્રભાવ નીચે ખોટા નિર્ણયો લે છે. બુદ્ધિ પછી વકીલની જેમ તે ખોટા-નિર્ણયને યોગ્ય પુરવાર કરવામાં જ વપરાય છે. આમ નિર્ણય-શક્તિની જેમ કામ કરવા કરતાં બુદ્ધિ વકીલની જેમ કેસ લડવામાં જ પારંગત બને છે. સત્યનિષ્ઠા જે તેણે રાખવી જોઈએ તે અલોપ થઈ ગએલી હોય છે. ખરેખર તો બુદ્ધિને ઊર્ધ્વ પ્રકાશથી પ્રકાશિત કરીને વિવેક-શક્તિના માર્ગદર્શન નીચે મૂકવી જરૂરી છે. વિવેક-શક્તિ નિર્ણય લેતા પહેલા બધાં જ પાસાંઓનો વિચાર કરે છે. જુદા જુદા દૃષ્ટિકોણથી સમસ્યાને અભ્યાસે છે અને પછી તટસ્થ રીતે નિર્ણય લે છે. આ રીતે નિર્ણય લેવાની ટેવ બાળકોમાં વિકસાવવાની જરૂર છે.

બુદ્ધિ પોતાના કાર્યમાં કલ્પનાઓ, વાસ્તવિક વિગતો, અનુમાનો બધાંનો જ ઉપયોગ કરે છે પણ તેણે ઊર્ધ્વમાંથી પ્રેરણા લેતા પણ શીખવાનું રહે છે. નિર્મળ ચિત્ત જ, સમર્પિત ચિત્ત જ આ પ્રેરણાઓ મેળવી દેવાનું કાર્ય કરે છે. તેથી આવા નિર્મળ, સમર્પિત ચિત્તને પણ બુદ્ધિએ મદદમાં લેવાની જરૂર છે, તેથી તેની વિવેક-શક્તિ વધારે સારી રીતે કાર્ય કરશે.

શુદ્ધબુદ્ધિ ફક્ત વિચારોના જગતમાં જ રહે છે અને સૂક્ષ્મ ચિંતનમાં રસ લે છે. તે દાર્શનિક કે તત્ત્વજ્ઞાન સ્વરૂપે વ્યક્ત થાય છે. બુદ્ધિને આત્મપ્રકાશનાં માર્ગદર્શન નીચે

મૂકવી જરૂરી છે, નહીં તો તે પોતાની રચનાઓને જ વળગી રહેશે અને તેને જ પસંદ કરી તેને જ સત્ય તરીકે ઠસાવવાનો પ્રયત્ન કરશે. તે સ્વાર્થી, વિલાસી પ્રાણની જેમ જ અવરોધક બનશે.

બૌદ્ધિક-કેળવણીમાં તર્કશક્તિની કેળવણી મહત્ત્વની છે, પણ આ શક્તિ પોતાનું કાર્ય શરૂ કરતી પહેલા બે વસ્તુની માગણી કરે છે :

(૧) પૂરતી વિગતોનો સંગ્રહ.

(૨) વિગતોની અભિવ્યક્તિમાં યોગ્ય શબ્દો વાપરવાની ક્ષમતા જે સ્પષ્ટ અર્થ દર્શાવે, સંદિગ્ધ - અર્થ નહીં, કારણ સંદિગ્ધ અર્થ તર્ક-શક્તિને ખોટી દિશામાં લઈ જાય છે.

તર્કશક્તિ બે રીતે કામ કરે છે :

(૧) નવીન વિગતોના આધારે અનુમાન કરીને કોઈ નિષ્કર્ષ કાઢવો.

(૨) પહેલા જ માન્ય થએલા નિર્ણયના આધારે કોઈ નવો નિર્ણય લેવો.

તર્ક શક્તિની બે દિશા હોય છે :

(૧) વિશિષ્ટ ઘટનાઓના આધારે સર્વસામાન્ય નિયમ તારવવો.

(૨) સર્વસામાન્ય નિયમના આધારે વિશિષ્ટ ઘટના વિષે અનુમાન કરવું. બન્ને અનુમાનનાં જ પ્રકારો છે, પણ એકને deduction અને બીજાને induction કહેવામાં આવે છે.

સાચા તર્ક માટે ત્રણ શરતો પૂરી હોવી જોઈએ :

(૧) વિશિષ્ટ ઘટના કે પૂર્વ-સિદ્ધાંત સાચો હોવો જરૂરી છે.

(૨) વિશિષ્ટ-ઘટનાઓ આપેલી હોય તે સમગ્ર હોવી જોઈએ, અપવાદાત્મક કિસ્સો ન હોવો જોઈએ.

(૩) નિર્ણય અપાય તે એક જ નીકળવો જરૂરી છે, બે કે ત્રણ નિર્ણયો ન લેવા જોઈએ.

આ ત્રણ શરતો સાદી લાગવા છતાં પૂરી કરવી આકરી છે કારણ - હકીકતો બધી જ ખરી છે, અપવાદાત્મક નથી એ જાણવું અઘરું છે. તે હકીકતો સંપૂર્ણ છે કે અધૂરી અને એકાંગી છે તે પણ જાણવું મુશ્કેલ છે. બે કે ત્રણ નિર્ણયો નીકળવાની જ્યાં શક્યતા છે તે પૈકી સાચો ક્યો તે શોધી કાઢવું પણ અઘરું છે.

તર્ક-શક્તિના વિકાસ માટે તર્કશાસ્ત્ર શીખવવામાં આવે છે. ખરેખર તર્કશાસ્ત્ર પુસ્તક દ્વારા શીખવવાનું ન હોય પણ પ્રત્યક્ષ અવલોકન કરાવીને તેની નોંધો પોતે જ લઈને નિષ્કર્ષ કાઢવાની ટેવ વિદ્યાર્થીઓમાં પાડવી જરૂરી છે. તેમની પ્રત્યક્ષ થતી ભૂલો શા માટે થઈ તે તેમને જ શોધી કાઢવા પ્રોત્સાહન આપવાની જરૂર છે.

મૂળ તો તર્ક કરવાની કળા તેને અનુભવો અને અભ્યાસ દ્વારા શીખવવાનો આગ્રહ રાખવો જરૂરી છે.

# સુંદર કથાઓ
- માતાજી

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## સત્પુરુષને અનુસરીએ

(પેજ - ૮૫-૮૬)

રામ-રાવણના યુદ્ધનો પ્રસંગ. ઘોર યુદ્ધનો એ દિવસ હતો. વાનરોએ રાક્ષસોનો દાટ વાળી દીધો હતો. રાવણથી આ સહન ન થયું. તેણે મંત્રવિદ્યાનો પ્રયોગ કર્યો. માયા રચી અને.....

રાવણની ચારેકોર રામ અને લક્ષ્મણ જ ઠેર ઠેર દેખાવા લાગ્યાં. વાનરો મૂંઝાઈ ગયાં. તેમને લાગ્યું આમાંથી કોઈ સાચા રામ લક્ષ્મણ હોય અને તેમને અપાય થાય તો ! તેમણે યુદ્ધ કરવાનું બંધ કર્યું. રાવણ તો ખુશ થઈ ગયો.

રામને સાચી વાત ખબર હતી. તેણે રાવણની માયાવી વિદ્યા ઓળખી અને હસ્યા. રામે ધનુષ્ય ઉપર બાણ ચડાવ્યું. મંત્ર્યું અને છોડ્યું. બાણે બધી જ માયાવી આકૃતિઓનો નાશ કર્યો. બધું અલોપ થઈ ગયું. રામે યુદ્ધ કરવાની હાકલ કરી અને વાનરોએ ફરી જોશભેર યુદ્ધ શરૂ કર્યું. રાવણ હાર્યો અને માર્યો ગયો. સત્યનો વિજય થયો.

અસત્ય સત્યનું રૂપ લઈ પોતાને બચાવવાનો પ્રયત્ન કરે છે, પણ સત્યદૃષ્ટા બધું આરપાર જોઈ શકે છે. સત્યનિષ્ઠાની વાણી ઉપર લોકો વિશ્વાસ રાખે તો પેલા બાણની જેમ અસત્ય અને દંભનો ભાસ ઓસરી જાય છે.

શું સત્યપુરુષોને અનુસરવું ન જોઈએ ?

# આગામી - ભાવિ

(શ્રી અરવિંદ સોસાયટીના ઈ-મેગેઝીન એપ્રિલનાં ૨૦૧૦ના Next Futureનો સાર - સાભાર)

## પ્રભુના ધામનો માર્ગ

પ્રભુના ધામે પહોંચવાનો માર્ગ ખૂબ જ રસિક હોય છે. પહેલું કારણ એ કે તે કેવી રીતે ક્યારે ક્યાંથી શરૂ થાય છે, તે પહેલેથી કોઈ જાણતું જ નથી. આ શૂરાનો માર્ગ લાંબો, થકવી નાંખે એવો છતાં કૃતાર્થ કરનારો છે. કઈ અગ્નિ-પરીક્ષાઓ ક્યારે આવશે અને જીવનની કૃતાર્થતા કયા સ્વરૂપે આવશે, કોઈ અગાઉથી જાણી શકતું નથી. પણ આપણા સમગ્ર સ્વરૂપને કામે લગાડતાં પતનો અને ઉત્થાનો તેમાં જરૂર હોય છે. તે એવો કોયડો બની જાય છે, જેમાં આંતરદૃષ્ટિ સામે વિશાળ દર્શનો પણ પ્રગટે છે અને ભયાનક ભ્રમણાઓ પણ. એવું લાગે છે કે તે માર્ગ વધારે ને વધારે સૂર્યપ્રકાશિત બનતો જાય છે. બધા આડે ફંટાતા પ્રસંગો છેલ્લે પાછા રાજમાર્ગે જ મૂકી જાય છે. ફક્ત સાચો માર્ગ અને તેમાંની શ્રદ્ધા ખોવાની નથી. ઘણા કહે છે કે પ્રભુના ધામે જવું એટલે ક્ષિતિજ આંબવા જેવું છે, પણ મહત્ત્વનું એ છે કે આપણે આ ક્ષિતિજો વચ્ચે કેવી રીતે જીવીએ છીએ કારણ.... પ્રભુનું ધામ તો સર્વત્ર છે... અહીં....ત્યાં.....બધે જ.....

# ઉપનિષદોનું અમૃત

- માનસિંહ ચાવડા

## આત્મ-દર્શનની સાધના

પ્રકરણ -૧૭ (બ્રહ્મદારણ્યક ૨-૪))

મહર્ષિ યાજ્ઞવલ્કયની ઉંમર થઈ ગઈ છે. ચિત્તમાં સાધના સિવાય કાંઈ સૂઝતું નથી. બન્ને પત્ની કાત્યાયની અને મૈત્રેયીનાં બાળકો મોટા થઈને પોતાનો સંસાર કરી રહ્યાં છે. મોટો આશ્રમ છે જેની પોતાની સ્થાવર જંગમ સંપતિ છે. એક દિવસે રાત્રે જ્યારે યાજ્ઞવલ્કય નિરાંતે પોતાની પત્નીઓ સાથે બેઠાં હતાં ત્યારે તેમણે મનની વાત છેડી : ''હે મૈત્રયી, હે કાત્યાયની, મારે હવે સંન્યાસ લઈ એકાંત વનમાં સાધના કરવાની ઈચ્છા છે. તમને સરખે ભાગે ધન સંપત્તિ વહેચીને પછી જવા માંગુ છું.''

''નાથ, આપની ઈચ્છા અમારા માટે આજ્ઞાસમાન છે.'' કાત્યાયની બોલ્યા.

''પણ આર્યપુત્ર, શું આ સંપત્તિ આપવાથી હું અવિનાશીપદ મેળવી શકીશ ?'' મૈત્રેયીએ પ્રશ્ન પૂછ્યો.

''ના, તે શક્ય નથી.''

''તો આર્યપુત્ર ! આપ પાસે તે પદ પ્રાપ્ત કરવાની સંપત્તિ છે એમ લોકો કહે છે. શું આપ તેમાંનો અમને ભાગ નહીં આપો ?''

''પ્રિયે, તે સંપત્તિ આપી શકાતી નથી, સાધના દ્વારા મેળવવી પડે છે.''

''તો મને તે સાધના સમજાવો.''

''મૈત્રેયી, તું ધન્ય છે, પહેલેથી પ્રિય છે, હવે વધારે પ્રિય બની રહી છે.''

''આર્યપુત્ર ! કૃપા કરો.''

''સાંભળ મૈત્રયી, જગતમાંની કોઈ વ્યક્તિ કે વસ્તુમાંનાં આત્મતત્ત્વનો કોઈ રીતે પણ સ્પર્શ થાય ત્યારે જ તે પ્રિય લાગે છે. તેથી એમ સમજ કે આપણી ઈચ્છાઓ, આકાંક્ષાઓ, અપેક્ષાઓ એ બધી ખરેખર આત્મતત્ત્વને પ્રાપ્ત કરવાની ઝંખનાઓ જ છે. ફક્ત તે અજ્ઞાનવશ ખોટે માર્ગે જતી હોય છે. તેમને શુદ્ધ કરી સાચા માર્ગે અને સાચી દિશામાં વાળવી જરૂરી છે.''

''ભગવન્ ! તેમને સાચી દિશા અને સાચા માર્ગે વાળવી કેવી રીતે ?''

''તેનો માર્ગ છે આત્મ-દર્શનની સાધના''

''તે કૃપા કરીને મને જણાવો''

''મૈત્રયી, તું જે જોય છે તે આત્માની જ અભિવ્યક્તિ છે એમ જોવાનો અભ્યાસ

(પૃ.૪૩ ઉપર)

# વેદવિજ્ઞાન
- માનસિંહ ચાવડા

## વૈદિક સૂકતો
## શ્રદ્ધા સુક્ત
(પ્રકરણ-૩)

ઋગ્વેદનાં ૧૦માં મંડળનું ૧૫૧મું સૂક્ત એટલે શ્રદ્ધાસૂક્ત. આ સૂક્તના ઋષિનું નામ પણ શ્રદ્ધા ઋષિ જ છે.

વેદમાં ત્રણ અગ્નિનો ઉલ્લેખ છે; જેમને અગ્નિ, દ્યૌ અને સૂર્ય કહે છે. ત્રણ શરીરનાં આ ક્રમશઃ ત્રણ અગ્નિ છે. ભૌતિક શરીરમાંનો અગ્નિ હૃદયમાં છે. સૂક્ષ્મ શરીરનો મસ્તકનાં સહસ્રાર ચક્રમાં અને કારણ શરીરનો મસ્તકની ઉપર દસ આંગળ અદ્ધર. ખરેખર વાસ્તવિકતા એ છે કે આ દરેક અગ્નિ પોતપોતાના શરીરની ચેતનાસ્વરૂપ છે, જેને વેદાંત ક્રમશઃ વૈશ્વાનર, તેજસ અને પ્રાજ્ઞ કહે છે. ભૌતિક શરીરથી સૂક્ષ્મ શરીર વિશાળ છે અને સૂક્ષ્મ શરીરથી કારણ શરીર, તેથી દરેક અગ્નિ ભૌતિક શરીરની બહાર અનુભવાય તો પણ તે પોતાના રહેઠાણરૂપ શરીરની અંદર જ હોય છે.

આ ત્રણે અગ્નિ શુદ્ધ, સતેજ અને દિવ્ય હોવાથી તેમને ત્રિણાચિકેત અગ્નિ કહે છે, ત્રિ એટલે ત્રણ અચિકેત એટલે ધુમાડા વગરનાં અર્થાત્ શુદ્ધ સ્વરૂપનાં.

ગીતા આમને જ ક્ષર, અક્ષર અને ઉત્તમપુરુષ કહે છે. ઉત્તમપુરુષ એટલે જ પુરુષોત્તમ.

ભૌતિક શરીરસ્થ ક્ષરપુરુષને શ્રી અરવિન્દ ચૈત્યપુરુષ કહે છે તે સતત પ્રભુ તરફ ઢળેલો હોય છે અને શ્રદ્ધામય હોય છે (શ્રદ્ધામયોયં પુરુષઃ) તેની શ્રદ્ધાને ઉપરથી અક્ષરપુરુષ અને પુરુષોત્તમ પોષણ આપે છે. તેથી સાચી શ્રદ્ધાનાં બીજ મસ્તકની ઉપરનાં સહસ્રારમાં છે એમ ઋષિ જણાવે છે ત્યાં અસીમ-ચેતનામાં એકરૂપ થઈ અક્ષરપુરુષ બીરાજે છે.

ઋષિ જણાવે છે કે અસુરો ઉપર દેવોનો વિજય પણ તેમની પ્રભુ પ્રત્યેની અડગ શ્રદ્ધાને કારણે જ છે. જ્યારે સાધના દરમિયાન અચિત્‌નો હુમલો આવે ત્યારે પ્રકાશમય અક્ષર ચેતનાનો શ્રદ્ધાથી આશ્રય લઈ તેની સાથે એકરૂપતા થતાં જ જે આશ્વાસન મળી નિર્લેપતા આવે છે તે જ આપણને સંરક્ષણ આપે છે (અસંગ શસ્ત્રેણ દઢેન છિત્વા)

શારીરિક - કોષોમાં રહેલ ચેતનાનાં અંશોને (વેદો જેને વસુ કહે છે) પ્રકાશમય શ્રદ્ધાનું પોષણ મળતાં જ તેઓ આનંદથી નૃત્ય કરવા માંડે છે, તેઓ આશ્વસ્થ અને સ્વસ્થ

થઈ જાય છે.

આવું તાદાત્મ્ય સ્થાપવા સાધકે શ્વાસના આવાગમન ઉપર ધ્યાન રાખવું જરૂરી છે (વિપશ્યના આને આનાપાન કહે છે, ગીતા આને પ્રાણ (શ્વાસ)નો અપાનમાં (ઉચ્છ્‌વાસ) વિલય અને અપાનનો પ્રાણમાં વિલય કરીને 'પ્રાણાપાન સમાયુક્ત' થવાનો ઉપદેશ આપે છે.)

આ પ્રક્રિયા સવાર, બપોર, સાંજ ત્રણે કાળ કરવાનું ઋષિ જણાવે છે. આ પાર્શ્વભૂમિમાં આપણે મંત્રાર્થ સમજીએ :

(૧) **શ્રદ્ધયાગ્નિઃ સમિધ્યતે શ્રદ્ધયા હૂયતે હવિઃ।**
**શ્રદ્ધા ભગસ્ય મુર્ધનિ વચસા વેદયામસિ॥**

પ્રભુ સાથે એકરૂપતાની અભીપ્સારૂપી શ્રદ્ધાથી (શ્રદ્ધયા) ચૈત્ય પુરુષરૂપી અગ્નિને ઈંધન મળી તે વધારે પ્રજ્વલિત થાય છે (અગ્નિઃ સમિધ્યતે) તેથી તેવી આંતરિક શ્રદ્ધાથી જ આપણી નબળાઈઓ કે સબળાઈઓ (હવિઃ)ને શ્રદ્ધાથી તે ચૈત્યપુરુષ સામે સમર્પિત કરી દેવી જોઈએ (શ્રદ્ધયા હૂયતે). આ શ્રદ્ધાનાં બીજ સહસ્રારરૂપી બ્રહ્મરંધ્ર અર્થાત્ છિદ્ર (ભગસ્ય)ની પણ ઊર્ધ્વમાં રહેલ અસીમ નિર્લેપ ચેતના સ્વરૂપ અક્ષર પુરુષમાં રહેલ છે (મૂર્ધનિ) (અત્યતિષ્ઠત દશાંગુલમ્ - પુરુષસૂક્ત)(કારણ ત્યાંથી જ ચૈત્યપુરુષને પ્રભુના આદેશ સ્વરૂપ પ્રેરણાઓ મળતી હોય છે) આવી શ્રદ્ધા નિર્માણ કરવા હે સાધક ! તું પ્રથમ આવી વિભાવનાઓ ને મંત્રના શબ્દો દ્વારા બોલી તેમને પોષણ આપી દૃઢ કર (વચસા વેદયામસિ)

(૨) **પ્રિયં શ્રદ્ધે દદતઃ પ્રિયં શ્રદ્ધે દિદાસતઃ।**
**પ્રિયં ભોજેષુ યજવસ્વિદં મ ઉદિતં કૃધિઃ॥**

હે શ્રદ્ધાદેવી (શ્રદ્ધે) ! તમે અમને સહુથી પ્રિય દિવ્યાનંદ (પ્રિયં) આપો (દદતઃ) અને તે પ્રિય દિવ્યાનંદને (પ્રિયં) અન્યને પણ આપવાની (દિદાસતઃ) હે શ્રદ્ધાદેવી, અમને ક્ષમતા આપો અને આવો દિવ્યાનંદ ભોગવતા (પ્રિયં ભોજેષુ) અને આંતરિક રીતે ઉપર જણાવ્યા મુજબ શ્રદ્ધાયજ્ઞ કરતાં (યજવસુ=અર્થાત્ પ્રાણાપાનને સમાન કરતા) તે સાધકોમાં મેં જે આ બે માગણી કરી (ઈદં મ) તે ક્ષમતાઓ પ્રગટ કર (ઉદિતં કૃધિઃ)

(૩) **યથા દેવા અસૂરેષુ શ્રદ્ધામુગ્રેષુ ચક્રિરે।**
**એવં ભોજેષુ યજવસ્વસ્માકં ઉદિતં કૃધિ॥**

જેવી રીતે (યથા) દિવ્ય-શક્તિઓ સ્વરૂપ દેવો (દેવા) ઉગ્ર સ્વભાવની આસુરી શક્તિઓ (ઉગ્રેષુ અસુરેષુ) ઉપર વિજય મેળવવાની દિવ્ય-શ્રદ્ધા જાળવે છે (શ્રદ્ધામ્

ચક્રિરે) તેવી જ દૃઢ શ્રદ્ધા (એવં) આ દિવ્યાનંદ ભોગવતા (ભોજેષુ) અને પ્રાણસાધના કરતાં (યજવસુ) અમારામાં (અસ્માકમ્) સ્થિર કરો (કૃધિ)

(૪) **શ્રદ્ધા દેવા યજમાના વાયુગોપા ઉપાસતે।**
**શ્રદ્ધાં હૃદચયાકૂત્યા શ્રદ્ધયા વિંદતે વસૂ॥**

દેવો (દેવા) તથા યજમાન (યજમાના) જેઓ પ્રાણાપાનને દિવ્ય પોષણ આપવાનો અભ્યાસ કરે છે (વાયૂગોપા ઉપાસતે) ત્યારે હૃદયમાં (હૃદયા) અસીમ તેજોમય શ્રદ્ધાની (શ્રદ્ધાં) વિભાવના કરીને (આકૂત્યા) તે શ્રદ્ધાસ્વરૂપ અસીમ, નિર્લેપ પ્રકાશ સ્વરૂપ અક્ષરપુરુષને, (શ્રદ્ધાયા) પ્રાપ્ત કરે છે અને તે પ્રકાશ શરીરમાં તેમજ કોષોમાં સ્થિર થઈ રહેવા માંડે છે (વિંદતે વસૂ)

(૫) **શ્રદ્ધાં પ્રાતર્હવામહે શ્રદ્ધાં મધ્યંદિને પરિ।**
**શ્રદ્ધા સૂર્યસ્ય નિમ્રુચિ શ્રદ્ધે શ્રદ્ધાપયેહનઃ॥**

આવી રીતે પ્રકાશમય શ્રદ્ધાનું સવારે શરીરરૂપી યજ્ઞકુંડમાં હવન કરવું (શ્રદ્ધાં પ્રાતર્હવામહે) તેમ જ વધારામાં (પરિ) તેવી જ રીતે મધ્યાહ્નને પણ કરવું (શ્રદ્ધાં મધ્યંદિને) જ્યારે સૂર્ય વિદાય લે છે ત્યારે (સૂર્યસ્ય નિમ્રચિ) પણ શ્રદ્ધાની આ જ રીતે ઉપાસના કરો. દર વખતે શ્રદ્ધાને અવતરણ કરાવીને તેને (શ્રદ્ધામ્) આપણા (નઃ) શરીરમાં જ (ઇહ) સ્થિર કરો અને પૂર્ણ શ્રદ્ધામય બની રહો (શ્રદ્ધે) અને શ્રદ્ધાથી શ્રદ્ધાનું રોજેરોજ પોષણ કરો (શ્રદ્ધે શ્રદ્ધાપયેહનઃ) આ યોગિક ક્રિયાને વાસ્તવિક નક્કર ઘટના તરીકે માન્ય રાખો.

---

(પૃ.૪૦ ઉપરથી)

## ઉપનિષદોનું અમૃત

કર. તું જે સાંભળે છે તે પણ આત્માની જ અભિવ્યક્તિ છે એવો ભાવ રાખ. તું જે અંદર વિચારે છે, ભાવો અનુભવે છે તે પણ આત્માની જ અભિવ્યક્તિ છે એવું ચિંતન કર. અરે ! સતત બધે જ આત્મતત્ત્વની લીલા ચાલી રહી છે એવો સતતભાવ નિર્માણ કરવાનો જ નિશ્ચય કર અને તે મુજબ હરક્ષણે સાધના કરવા માંડ. આ જ આત્મ-દર્શનની સાધના છે. આ સાધનાની ફળશ્રુતિ તરીકે તને સર્વત્ર આત્મતત્ત્વ જ રમણા કરતું, લીલા કરતું અનુભવાશે અને તેથી દરેક વસ્તુ કે વ્યક્તિ તને તે આત્મદર્શન થકી જ પ્રિય લાગવા માંડશે.''

''આર્યપુત્ર, આપે સાચે જ મને આપની અર્ધાંગી બનાવી. આપે મને જે આત્મવૈભવમાં સહભાગી કરી તેથી હું આપની આજન્મ ઋણી રહીશ''

મૈત્રેયી યાજ્ઞવલ્કયના ચરણે નમી રહી.

# સર્વાંગી - આરોગ્ય

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

(Integral Healing પૃ.૩૦-૩૫) **અવતરણો**

1 There are external causes that come and complicate things. P.30

2 You can establish an inner equilibrium, but you live in surrounding full of disequilibriums. P.30

3 ..... everything is contagious, for you live in a state of ceaseless vibrations. P.30

4 There are again, mental vibrations, vital vibrations, physical vibrations and many others. P.30

5 You are ultra-sensitive and on top of that are afraid or disgusted..... (this) accident. can be translated physically in your body.P.31

6 ..... As you progress spiritually, a certain hyper sentensitivity of the nerves develops and if self-control does not increase..... all kinds of untoward things may happen..... P.31

7 Among the different kinds of bad will there is the small kind that comes from ignorance and stupidity, there is the big kind that comes from wickedness, and there is the formidable kind that is the result of anti-divine force. P.31

8 These things attack you some times intentionally, sometimes unintentionally. Unintentionally, through other people. P.31

9 There are in the earth - atmosphere..... little entities..... produced by the disintegration of vital beings..... some of them like to play ugly little tricks..... they are behind an accident..... that gives them their food (because) they feed upon human vitality thrown out of the body by emotions and excitements ? P.32

10 Such small entities..... they may clash with one another.... that is the origin of microbes. They are forces of disintengration.... this is the origin of germs. P.32

11 microbe is a very material expression of something living in a subtle physical world. P.32

12 .... adverse force which is the origin and support of the microbes. P.32

13 What is behind this disease ? (epidemics in Japan in 1919) P.32

14 I had understood that the illness originated from beings who had been drown out of their bodies. P.34

15 Consciousness is more effective than packets of medicines ? P.35

**સમજૂતી** - માનસિંહ ચાવડા

# સ્વરૂપમાંની અસમતુલા

પ્રકરણ - ૪

શારીરિક કારણો સિવાયનાં બીજા પણ રોગોનાં કારણો હોય છે. તે મનોમય, પ્રાણમય વગેરે ક્ષેત્રોમાં થતા ક્ષોભ અને સંઘર્ષને કારણે નિર્માણ થએલાં હોય છે. સાધક સંકલ્પ અને એકાગ્રતાની મદદથી આ તત્ત્વો વચ્ચે સંવાદિતા અને સમતુલા રચી શકે છે.

સંવાદ અને વિસંવાદના નિશ્ચિત સ્વરૂપનાં આંદોલનો હોય છે. તે સમગ્ર જગતમાં ફેલાએલાં છે. આપણે આવા આંદોલનોના જગતમાં જ રહેતા હોઈએ છીએ. છતાં આપણે આ વચ્ચે પણ સંપૂર્ણ સમતુલામાં રહી શકીએ છીએ. આ બધાં જ આંદોલનો આપણા આરોગ્ય ઉપર સારા-નરસા પરિણામો નિર્માણ કરતાં હોય છે. આંદોલનોનાં મનોમય, પ્રાણમય, સૂક્ષ્મ પાર્થિવ અને ભૌતિક એવા અનેક પ્રકારો છે. આપણે આ બધાં આંદોલનો પ્રત્યે સંવેદનશીલ હોઈએ છીએ. સહુથી વિશેષ એટલે તેમની બાબત એક પ્રકારની ભીતિ અને જુગુપ્સા, ઘૃણા સેવીએ છીએ. આ જુગુપ્સા પણ ડરનો જ સૂક્ષ્મ પ્રકાર છે. આ ડર જ વિરોધી-શક્તિઓનો આપણામાં પ્રવેશ કરાવે છે. જે ભૌતિક સ્તરે રોગ, માંદગી, અકસ્માતના રૂપે પ્રગટ થાય છે.

સાધના દરમિયાન બીજી પણ એક ઘટના બને છે. આપણી સાધનામાંથી પ્રગતિને કારણે આપણે વધારે ને વધારે સંવેદનશીલ બનીએ છીએ. તેની સાથે આપણે આત્મસંયમ અને સમતાને વિકસાવવી પડે છે, નહિ તો તે સંવેદનશીલતા સાધકને વિકારો પ્રત્યે ખેંચી જાય છે અને અધઃપતન કરાવે છે.

જગતમાં દુઃરિચ્છા ઘણી હોય છે. તે ત્રણ પ્રકારની છે. કોઈ વ્યક્તિની અજ્ઞાનમય અવસ્થા કે મૂર્ખાઈના કારણે તે જે અભાનરીતે અને અહેતુસર દુરિચ્છા વ્યક્ત કરે છે આ છે પહેલો પ્રકાર. આપણે તેને નાદાનિયત કહીએ છીએ. બીજો પ્રકાર છે સ્વાર્થી લોકોની ગણતરીપૂર્વકની દુરિચ્છા. તેઓ પોતાના સ્વાર્થ માટે જ તમને હાનિ પહોંચાડવા માંગે છે. પોતે કાયમી દુરિચ્છામાં રહેતા નથી. ત્રીજો ગંભીર પ્રકાર છે આસુરી શક્તિની સ્વભાવગત દુરિચ્છા. તેમને પરપીડનમાં જ આસુરી-આનંદ આવે છે.

પૃથ્વીનાં વાતાવરણમાં આવી દુરિચ્છાનાં આંદોલનોથી અનંત નાના નાનાં ઘડતરો રચાએલાં હોય છે. સમગ્ર વાતાવરણ આ પ્રદૂષણથી છવાએલું છે. આપણે નરી આંખે

આવા ઘડતરોને જોઈ શકતાં નથી. કોઈ મૃતવ્યક્તિનું પ્રાણમય શરીર જ્યારે વિઘટિત થાય છે ત્યારે તેનાં અવશેષોમાંથી આવા નાના નાનાં અસંખ્ય ઘડતરો છૂટા પડતા હોય છે. તે બધા જ ખરાબ હોય છે તેમ નથી. માતાજીએ ગેસ ઉપર મૂકેલું દૂધ ઉભરાઈ ન જાય માટે માતાજીની સાડીનો પાલવ ખેંચી તેમને જાણ કરતા, આવા નાનાં સત્ત્વોનો માતાજીને અનુભવ થયો છે. પણ દૂરિચ્છાવાળા વધારે હોય છે. તેઓ જીવતી વ્યક્તિઓની ફજેતી કરી તેને ઉશ્કેરવાની મજા માણતા હોય છે. તેના ઉશ્કેરાટથી જે પ્રાણમય વાદળાંઓ તેના શરીરમાંથી બહાર ફેંકાય છે તે આ નાનાં સત્ત્વોનું ભોજન છે. તેમને પ્રાણશક્તિનો પુરવઠો આ વાદળોનાં ભક્ષણમાંથી મળે છે. આવા સત્વો અકસ્માતો સર્જીને આવું પોતાનું અન્ન વિપુલ પ્રમાણમાં મેળવે છે, કારણ ત્યારે સમગ્ર માનવ સમુદાયમાં સામૂહિક ઉશ્કેરાટ ફેલાય છે.

સૂક્ષ્મ જીવાણુઓ (microbes) જ્યારે ઉપર મુજબનાં નાનાં સત્વો આપસમાં સંઘર્ષમાં ઉતરે છે ત્યારે નિર્માણ થાય છે. ખોરાક મેળવવાની પડાપડીથી આવા સંઘર્ષો ખેલાતા હોય છે. તેમના ઉશ્કેરાટમાંથી જ વિનાશક આંદોલનો નિર્માણ થાય છે. તેઓમાં ભારંભાર દુરિચ્છાઓ હોય છે. સૂક્ષ્મ પાર્થિવ તત્ત્વનાં મલિન આંદોલનો આ રીતે ભૌતિક સ્તરે સૂક્ષ્મ જીવાણુઓ રચે છે. આ સમગ્ર પ્રક્રિયા પાછળ અર્થાત્ આસુરી મલિન શક્તિઓનો હાથ હોય છે જ. તેઓની દૃષ્ટિએ આવા સૂક્ષ્મ જીવાણુઓ તેમના ભૌતિક કાર્યના માધ્યમ હોય છે, તેથી તેઓ તેમને આધાર આપતા હોય છે અને તેમની ઉત્પત્તિની પ્રક્રિયાને વેગવંતી બનાવતા હોય છે.

૧૯૧૯માં જાપાનમાં જે ભયાનક ફ્લુનો રોગચાળો ફાટી નીકળેલો તે ઘટનાનું એક આંતરિક સૂક્ષ્મ કારણ માતાજી જણાવે છે. તેમને પ્રશ્ન થયો, આની પાછળની સૂક્ષ્મ જગતની ઘટના કઈ છે ? તે વખતે તેમની એક બેનપણીએ તેને પોતાને ઘેરે નવી ખરેદી જોવા આમંત્ર્યા, માતાજી ટ્રામમાં પ્રવાસ કરતાં ત્યાં પહોંચેલા. ટ્રામમાં મોઢે કપડું બાંધેલા ગભરાએલાં ઘણા પ્રવાસીઓ હતાં. ત્યાંથી ઘેરે આવ્યા બાદ માતાજીને તાવ ચડ્યો. ડૉકટરને તેડાવ્યાં, તેમણે કહ્યું આ છેલ્લી ટેબલેટ છે જે આપને આપું છું. માતાજીએ તે અન્ય રોગી માટે રાખવા કહી પોતાના ગૂઢ ક્ષમતાઓ ઉપર ભરોસો રાખ્યો. માતાજીનો તાવ વકર્યો હતો, તેઓ પોતાના શયનખંડમાં તંદ્રામાં પડાં હતા, તેમને મસ્તકની ડાબી સમગ્ર બાજુ બૉંબ વિસ્ફોટથી ઊડી ગએલી એક મૃત સૈનિકની લોહીલુહાણ આકૃતિ ઢસડાતાં પગે પોતાની તરફ આવતી દેખાઈ. તેણે ઝૂકીને માતાજીનાં ગળામાં દાંત ભરાવી લોહી પીવાનો પ્રયત્ન કર્યો. માતાજી શાંતિમાં દિવ્ય-ચેતના સાથે એકરૂપ થઈને દૃઢ સંકલ્પની શક્તિથી તેનો વિરોધ કર્યો. તે ક્ષતવિક્ષત સૈનિક ડરથી ભાગી ગયો. માતાજી બચી ગયાં. રોગચાળો શાંત થઈ ગયો. માતાજીને ચેતનાની ગજબ ક્ષમતાનો સાક્ષાત્કાર થયો.

# પ્રેમ

- હર્ષદ ઠકરાર

'પ્રેમ' હંમેશા માનવના હૃદયમાંથી ઉદ્‌ભવે છે. હૃદય એ માનવની દિવ્ય ચેતનાનું કેન્દ્ર છે. આથી પ્રેમ હંમેશા દિવ્ય જ છે. પ્રેમ દિવ્ય હોવાથી કાળ, સ્થળ અને સ્વરૂપનાં બંધનોથી બંધાતો નથી. આથી પ્રેમ હંમેશા સનાતન, વિશ્વાતીત અને આનંદમય છે. સત્યમ્, શિવમ્, સુંદરમ્ એટલે પ્રેમનું સૃષ્ટિમાં પ્રાગટ્ય.

માનવ ચેતનાની કઈ અવસ્થામાં જીવન વ્યતીત કરે છે તે મુજબ માનવ પ્રેમની અનુભૂતિ અને અભિવ્યક્તિ કરે છે.

સામાન્ય માનવ હંમેશા શરીર, પ્રાણ અને મન દ્વારા જ જીવન વ્યતીત કરતો હોય છે. માનવીય પ્રેમ એ પ્રાણમય અને પાર્થિવ ચેતનાનો હોય છે, જેને મન પૃષ્ટિ આપતો હોય છે. ખરેખર આ માનવીય પ્રેમ પ્રેમ નથી, પરંતુ પ્રેમના વિકૃત સ્વરૂપે માનવમાં ઉદ્‌ભવતી આસક્તિ છે.

આસક્તિ હંમેશા માનવમાં લાગણીઓના આવેગો, ઈર્ષા વગેરે ભાવો જન્માવે છે, જેનાં કારણે માનવની પ્રકૃતિ અપરાપ્રકૃતિ રૂપે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર વગેરે તામસી તથા રાજસી ગુણોથી સંચાલિત થાય છે.

તામસી અને રાજસીક ગુણો માનવની અંદર કોઈ પણ વસ્તુ પ્રત્યે તથા અન્ય વ્યક્તિ પ્રત્યે આકર્ષણ અને માલિકીભાવ જન્માવે છે. જે માનવની અંદર પોતે જે કાર્ય કરે છે તેના પરિણામરૂપે બદલો મળવો જોઈએ એમ માને છે આથી માનવ વસ્તુ કે વ્યક્તિ આધારિત જીવન જીવતો થાય છે, જે માનવને બંધનમાં નાંખે છે.

આસક્તિ માનવને બંધનમાં બાંધતી હોવાથી માનવ દ્વન્દ્વો, નિર્બળતા, ભય વગેરેથી પીલાતો પશુમય જીવન વ્યતીત કરતો હોય છે.

આસક્તિના આ બંધનોમાંથી મુક્ત થવા માટે માનવે પોતાનાં મન, પ્રાણ અને શરીરને પોતાના ચૈત્યપુરુષ દ્વારા અભિવ્યક્ત કરવાના થાય છે, જે માટે માનવે પોતાની જાત સંપૂર્ણપણે પરમ પ્રભુને સમર્પિત કરવાની હોય છે.

માનવ સંપૂર્ણપણે પરમ પ્રભુને સમર્પિત થતો હોવાથી માનવનો ચૈત્યપુરુષ માનવને આસક્તિના બંધનોથી મુક્ત કરી પ્રેમ દ્વારા માનવનું જીવન સંચાલિત કરી આપે છે. પ્રેમ દ્વારા જીવન એટલે જે રીતે પ્રકાશના આગમનથી અંધકારનો નાશ થાય છે, તે રીતે પ્રેમના આગમનથી આસક્તિનો કાયમી સ્વરૂપનો નાશ.

પ્રેમ દ્વારા માનવ પાર્થિવ, પ્રાણમય અને મનોમય ચેતનામાંથી મુક્ત થઈ દિવ્ય ચેતનામાં પ્રવેશે છે. દિવ્ય ચેતનામાં માનવનો પ્રવેશ એટલે પશુ માનવમાંથી દિવ્ય માનવ

બનવાની ગતિ. માનવની આ ગતિ જ આનંદની પ્રેમ દ્વારા અભિવ્યક્તિ થતી ક્રિયાશીલતા છે.

જે રીતે બી માં વૃક્ષ સમાવિષ્ટ છે તેને માનવ બુદ્ધિ શાસ્ત્રીય રીતે પ્રયોગ કરીને પ્રાપ્ત કરી શકતી નથી, તે રીતે પ્રેમની આ ક્રિયાશીલતાને માનવ પોતાની બુદ્ધિ દ્વારા પ્રાપ્ત કરી શકતો નથી, કારણ કે પ્રેમ એ સૃષ્ટિનાં સર્જનમાં સમાવિષ્ટ આનંદની ક્રિયાશીલતા છે.

પ્રેમ સૃષ્ટિના સર્જનની ક્રિયાશીલતા હોવાથી પ્રેમ ફક્ત માનવ પૂરતો સીમિત રહેતો નથી, પરંતુ માનવ પ્રકૃતિનાં અનંતરૂપો સાથે એકતા અનુભવે છે.

માનવ અફાટ સમુદ્ર કે રેતીના રણ વચ્ચે પોતાની જાતની એકલતા અનુભવતો નથી, પરંતુ પ્રકૃતિના સૌંદર્ય સાથે સંવાદિતા સાધી દિવ્ય ચેતનાને અનુભવે છે.

પર્વતની ટોચ ઉપર પર્વતની સંકુચિતતા અનુભવતો નથી, પરંતુ આકાશની વિશાળતા, અનંતતા અનુભવે છે.

સાધના સમયે ગુફામાં બેસતો સંન્યાસી ગુફાની પાર્થિવ દીવાલોને પ્રભુના આશ્લેષ તરીકે અનુભવે છે.

આ બધી અનુભૂતિઓએ માનવમાં રહેલી પ્રેમની દિવ્યતા સાથે અદ્વૈતતા છે.

પ્રેમ દ્વારા સંચાલિત માનવ ક્યારેય માંગણી કરતો નથી, પરંતુ હંમેશા પોતાની જાતને સંપૂર્ણપણે પરમ પ્રભુને સમર્પિત કરે છે. આથી માનવની ઈચ્છાઓ, ઈચ્છાઓ ન રહેતા ઈચ્છાનું અભીપ્સામાં રૂપાંતર થાય છે.

માનવમાં ઉદ્‌ભવતી પ્રભુ પ્રત્યેની અભીપ્સાના પ્રત્યુત્તરરૂપે પ્રભુ માનવ ઉપર કૃપાનો વરસાદ વરસાવે છે. પ્રભુની કૃપાનો ઉપયોગ માનવ પોતાની ઈચ્છાઓ સંતોષવવા કરતો નથી પરંતુ પ્રભુના સંકલ્પને ફળીભૂત કરવાની શક્તિરૂપે કરે છે.

પ્રેમ દ્વારા માનવ પોતાને માનવ તરીકે નહીં પરંતુ દિવ્ય ચેતનાના માધ્યમ તરીકે અનુભવે છે. આમ માનવ પોતાનું અસ્તિત્ત્વ દિવ્યતામાં ઓગાળી નાંખે છે. આથી માનવનું પશુમાનવમાંથી દિવ્ય માનવમાં રૂપાંતર થાય છે. દિવ્ય માનવનું જીવન એટલે અતિમનસ ચેતનાથી સંચાલિત જીવન.

સમગ્ર માનવજાત તેની અપરા પ્રકૃતિમાંથી મુક્ત થઈ અતિમનસ ચેતનામાં જીવન વ્યતીત કરતી થાય તે માટે શ્રી અરવિન્દે અને શ્રી માતાજીએ પૂર્ણયોગની સાધના કરી છે. શ્રી મા અને શ્રી અરવિન્દના સંકલ્પને ફળીભૂત કરવા આપણે આપણી જાતને પરમપ્રભુ અને દિવ્ય માને ચરણે સમર્પિત કરીએ.

જે રીતે નદી સમુદ્રમાં લય પામી સમુદ્રમય બની જાય છે, તે રીતે આપણે સૌ પ્રેમ દ્વારા આપણી જાતને શ્રી માતાજી અને શ્રી અરવિન્દની ચેતનામાં લય પમાડી શ્રી મા અને શ્રી અરવિન્દમય બની જઈએ, એ જ અભ્યર્થના

ૐ શાંતિ શાંતિ શાંતિ



## શ્રી અરવિંદ

પરમેશઃ પરમેષ્ટીઃ પરંતત્વં તથૈવ ચ ।
તત્ - નિર્દેશ્યં ત્વમેવાસિ ઈતિ મે નિશ્ચિતા મતિઃ ॥



**રામાવતાર**

રામ આત્મારામ રૂપને, લક્ષ્મણ ચૈત્યપુરુષ,
સીતા શુદ્ધબુદ્ધિ ગણી, પતિપરાયણ ને શુદ્ધ.

દશેન્દ્રિયો દશાનન ગણી, હરે વિવેક, વિરાગ,
મારુતિ તપશક્તિ ગણે, સુગ્રિવ સંમતિ ધાર.

લવ-કુશ વિવેક વૈરાગને, સત્સંગ વાલ્મીકિ ગણાય
અંતે બુદ્ધિથી પર થવું, એ સીતા - ત્યાગ કહેવાય.

(ચૈત્યપુરુષ આંતરપ્રેરણાથી પોતાનો વિકાસ - માર્ગ નક્કી કરે છે, તેમાં ઈન્દ્રિયોનાં વિકારો અવરોધ નિર્માણ કરે છે. બુદ્ધિને હરે છે. તપ - શક્તિ અને સ્વૈચ્છિક સમર્પણથી ઈન્દ્રિયોનો પ્રત્યાહાર થાય છે. વિવેક - વૈરાગ્ય જન્મે છે, અહંકારના અશ્વમેઘને વિવેક - વૈરાગ્ય રોકે છે, અંતે આપણું વ્યક્તિગત પાર્થિવતત્ત્વ વૈશ્વિક - પાર્થિવતત્ત્વમાં સમાઈ જાય છે. આ છે સીતાનું ધરતીમાં સમાઈ જવું.)

---


**સહજ-સત્સંગ**

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૫

**લવાજમ : વાર્ષિક માતૃચરણે અર્પણ : રૂા. ૧૨૫.૦૦ વિદેશમાં ૮૦૦.૦૦**

Registered with the registrar of Newspaper for INDIA

No. 07598/22 A.K. 9-T.C. Regd. No. GRJ-303 Valid upto Dec.-2011

DATE OF POSTING : 1st OF EVERY MONTH